RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 81* Date: 17.01.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## વડાપ્રધાન મોદીએ મહારસીકરણનો વીડિયો કોન્ફરન્સથી પ્રારંભ કરાવ્યો

# દેશના હેલ્થ વર્કરોને અપાયું 'કોરોના રસીનું સુરક્ષા કવચ'





### કોરોના વોરિયર્સને યાદ કરી ભાવુક થયા વડાપ્રધાન કહ્યું હજારો સાથીદારો ઘરે પરત નથી આવ્યા, તેમને પહેલાં વેક્સીન આપીને ઋણ ઉતારવું છે, તાળી, થાળી અને દીપ પ્રગટાવીને કોરોના ભયને ભગાવ્યો

*ન્યુ દિલ્હી,તા.૧૬*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ૧૧.૦૫ વાગ્યે વિડિયો કોન્ફરન્સ દ્વારા કોરોના વેક્સિનેશનની શરૂઆત કરી. આ પહેલા ૩૫ મીનિટના ભાષણમાં તેમણે કહ્યું કે, વેક્સિન ઘણા ઓછા સમયમાં આવી ગઈ છે. આજના દિવસની જ રાહ જોવાઈ રહી હતી, કોરોનાની વેક્સિન આવી ગઈ છે. તો આ તરફ સીરમના CEO અદાર પૂનાવાલા, એઈમ્સના ડિરેક્ટર ડો. ગુલેરિયા અને એઈમ્સના સફાઈ કર્મી મનીષ કુમારને વેક્સિન અપાઈ છે. અદાર પૂનાવાલાએ કહ્યું કે, મારા માટે ગર્વનો વિષય છે કે કોવીશીલ્ડ આ વેક્સિનેશન અભિયાનનો ભાગ છે. મેં મારા કર્મચારીઓ સાથે પોતે પણ વેક્સિન લીધી છે.

દેશમાં કોરોનાને ટક્કર આપવા વેક્સિનેશનની શરૂઆત કરતાં વડાપ્રધાન મોદી ભાવુક થઈ ગયા હતા. કોરોના કાળમાં મુશ્કેલ સમયને યાદ કરીને તેમની આંખો ભરાઈ ગઈ હતી અને ગળે ડુમો ભરાઈ ગયો હતો. તેમણે કહ્યું કે, જે લોકો આપણને છોડીને જતા રહ્યા, તેમને એવી વિદાય ન મળી શકી જે તેમને મળવી જોઈતી હતી. સાથીદારોએ આપણને બચાવવા માટે તેમના પ્રાણ સંકટમાં નાખ્યા છે. તેમણે કહ્યું કે, આપણાં ડોક્ટર્સ, નર્સ, પેરામેડિકલ સ્ટાફ, પોલીસ, આશા વર્કર્સ, સફાઈ કર્મચારીઓએ તેમની જવાબદારી નીભાવી છે. તેઓ પોતાના પરિવારથી દૂર રહ્યા. ઘણાં ઘણાં દિવસો સુધી ઘરે નથી ગયા. ઘણાં સાથીઓ એવા છે જે ઘરે પરત જ નથી ફર્યા.

વડાપ્રધાન મોદીએ કહ્યાં તેમણે એક-એક જીવ બચાવવા પોતાના જીવ જોખમમાં મૂક્યા છે. તેથી કોરોનાની પહેલી વેક્સિન સ્વાસ્થ્ય સાથે જોડાયેલા લોકોને આપીને સમાજ પોતાનું ઋણ ચુકવી રહ્યા છે. આ દેશની તેમના માટે આદરાંજલિ પણ છે.

વડાપ્રધાને કહ્યું કે, સાથીઓ માનવ ઈતિહાસમાં ઘણી મુશ્કેલીઓ આવી, યુદ્ધ થયા. પરંતુ કોરોના એવી મહામારી છે જેનો અનુભવ ન સાયન્સને હતો, ન સોસાયટીને. જે ન્યૂઝ આવી રહ્યા હતા તે સમગ્ર દુનિયાની સાથે સાથે દરેક ભારતીયને પણ વિચલીત કરી રહ્યા હતા. આ સંજોગોમાં દુનિયાના મોટા-મોટા નિષ્ણાતોએ પણ ભારત વિશે ઘણાં શંકા-કુશંકાઓ કરી હતી. ભારતની મોટી વસ્તીને દરેક લોકોએ નબળાઈ ગણાવી પરંતુ આપણે તેને આપણી તાકાત બનાવી દીધી.

તેમણે કહ્યું કે, ૩૦ જાન્યુઆરીએ ભારતમાં પહેલો કોરોનાનો કેસ આવ્યો હતો. પરંતુ તેના બે સપ્તાહ પહેલાં જ ભારતે હાઈલેવલ કમિટીની બેઠક બોલાવી હતી. ૧૭ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ અમે પહેલી એડ્વાઈઝરી જાહેર કરી દીધી હતી. ભારત પહેલા એવા દેશોમાં સામેલ હતો જેણે એરપોર્ટ પર યાત્રીઓનું સ્ક્રીનિંગ શરૂ કરી દીધુ હતું. કોરોનાને ટક્કર આપવાની લડાઈમાં ભારતે જે સામૂહિક શક્તિનું પ્રમાણ બતાવ્યું છે તેને આવનાર પેઢી યાદ કરશે.

વડાપ્રધાને કહ્યું કે, આપણે તાળી-થાળી વગાડીને અને દિવો પ્રગટાવીને દેશનો આત્મવિશ્વાસ જાળવી રાખ્યો છે. કોરોના સમયે સૌથી પ્રભાવી રીત આ જ હતી કે જેઓ જ્યાં હતા ત્યાં જ રહે. પરંતુ દેશની આટલી મોટી વસતીને બંધ રાખવા સરળ નહતું. તેની અર્થવ્યવસ્થા પર શું અસર થશે તે અમારી સૌથી મોટી ચિંતા હતી, પરંતુ ત્યારે અમે વ્યક્તિના જીવનને પ્રથમ પ્રાથમિકતા આપી.

આટલા ઓછા દિવસોમાં એક નહીં, બે-બે મેડ ઈન ઈન્ડિયા વેક્સિન તૈયાર થઈ છે. આવી જ ઉપલબ્ધિઓ માટે રાષ્ટ્ર કવિ રામધારી સિંહ જી દિનકરે કહ્યું હતું કે, માનવી જ્યારે જોર લગાવે છે, તો પથ્થર પણ પાણી બની જાય છે. પહેલો ડોઝ લીધા પછી બીજો ડોઝ ક્યારે મળશે,તેની માહિતી પણ તમારા ફોન પર આપવામાં આવશે. વેક્સિનના બે ડોઝ લગાડવા ખુબ જ જરૂરી છે. એક ડોઝ લાગી ગયો અને બીજો લેવાનું ભૂલી ગયા, એવી ભૂલ ન કરશો. પહેલા અને બીજા ડોઝ વચ્ચે એક મહિનાની ગેપ રખાશે. બીજો ડોઝ લાગ્યા પછી જ તમારા શરીરમાં કોરોના વિરુદ્ધ શક્તિ વિકસીત થઈ શકશે. વેક્સિન લાગતાની સાથે જ સાવધાની રાખજો. જે ધૈર્ય સાથે કોરોનાનો સામનો કર્યો, એ જ ધૈર્ય વેક્સિનેશન વખતે દેખાડવાનું છે.

તમારે કોઈ પ્રકારના પ્રચારથી દૂર રહેવું જોઈએ. આપણા વૈજ્ઞાનિકોની દુનિયામાં ઘણી વિશ્વસનીયતા છે. તમને ગર્વ થશે કે દુનિયામાં જેટલા બાળકોને જીવનરક્ષક વેક્સિન લાગે છે તેમાંથી ૬૦% ભારતમાં જ બને છે.

## ખાલિસ્તાની સંગઠનો-એનજીઓનું ફન્ડિંગ એનઆઈએના રડાર પર

# વિદેશથી આવતા ફંડિંગ મુદ્દે NIAએ ખેડૂત નેતાને પૂછતાછ માટે બોલાવ્યા

### ખાલિસ્તાની સંગઠનોએ એનજીઓને પૈસા આપ્યા હોવાની આશંકા, લોકભલાઇ ઇન્સાફ વેલ્ફેર સોસાયટીના અધ્યક્ષને એનઆઇએનું તેડું

*ન્યુ દિલ્હી,તા.૧૬*

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીખેડૂત નેતા બળદેવસિંહ સિરસાને પૂછતાછ માટે બોલાવ્યા છે. આ પૂછતાછ ભારત વિરોધી સંગઠનો તરફથી અનેક એનજીઓને અપાયેલ ફંડિગના મામલામાં છે. એનઆઈએના સુત્રો મુજબ એનઆઈએએ લોકભલાઈ ઈન્સાફ વેલફેર સોસાયટીના અધ્યક્ષ બળદેવસિંહ સિરસાને પૂછતાછ માટે બોલાવ્યા છે. આ સંગઠન સરકારની સાથે ખેડૂતો તરફથી વાર્તામાં સામેલ છે. તેમની સામે આ પૂછતાછ અલગાવવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસના એક નેતા સામે નોંધાયેલ કેસના મામલામાં છે.

એનઆઈએના સુત્રો અનુસાર ૧૭ જાન્યુઆરીએ બળદેવસિંહ સિરસાની પૂછપરછ કરી શકાય છે. જણાવી દઈએ કે ખાલિસ્તાની સંગઠનો અને તેની સાથે જોડાયેલ એનજીઓની ફંડિંગ આ સમયે એનઆઈએના રડાર પર છે. એનઆઈએએ ખાલિસ્તાની સંગઠન અને તેના દ્વારા એનજીઓને અપાતાં ફંડિંગનું લિસ્ટ તૈયાર કર્યું છે. એનજીઓ વિદેશથી મળેલાં ધનનો ઉપયોગ ભારત વિરુદ્ધ કરે છે. જણાવી દઈએ કે હાલમાં જ બ્રિટેન, કેનાડા અને અમેરિકામાં ખાલિસ્તાન સમર્થકોએ ભારતમાં ચાલી રહેલાં ખેડૂત આંદોલનના સમર્થનમાં ભારતના દૂતાવાસ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું.



માનવામાં આવી રહ્યું છે કે, આ વિરોધ પ્રદર્શનમાં શીખ ફોર જસ્ટિસ, ખાલિસ્તાન જિંદાબાદ ફોર્સ, બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ અને ખાલિસ્તાન ટાઈગર ફોર્સ જેવા અલગાવવાદી સંગઠનના લોકો સામેલ છે. ભારતમાં ખાલિસ્તાન આંદોલનને પ્રોત્સાહન આપવા માટે આ વિદેશી સંગઠનોએ અનેક એનજીઓને પૈસા આપ્યા છે. તેની તપાસ દ્વૈંછ સહિત અન્ય એજન્સીઓ કરી રહી છે.

સુત્રોનું કહેવું છે કે ગૃહ મંત્રાલયે ૧૨ ડિસેમ્બરે એનઆઈએ, ઈડી,આઈટી,સીબીઆઇ,એફસીઆરએ ડિવિઝનના અધિકારીઓની એક બેઠક થઈ હતી. જે બાદ એ પ્લાન તૈયાર થયો કે શીખ ફોર જસ્ટિસ, બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ, ખાલિસ્તાન જિંદાબાદ ફોર્સ, ખાલિસ્તાન ટાઈગર ફોર્સ પર સકંજો કસવા અને વિદેશી ફંડિંગની તપાસ કરાશે.

## સંજીવની પર રાજકારણ શરૂ:

# કોરોના રસી સુરક્ષિત છે તો મોદી સરકારમાંથી કોઇએ રસી શા માટે ના મૂકાવી? : કોંગ્રેસ નેતા મનિષ તિવારી

*ન્યુ દિલ્હી,તા.૧૬*

દેશમાં શનિવારથી કોરોના રસીકરણના મહાયજ્ઞનો પ્રારંભ થઈ ગયો છે. આ સાથે જ રાજકારણ પણ ગરમાયું છે. ભારતમાં વિશ્વના સૌથી મોટા કોરોના રસીકરણનો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરાવ્યો હતો. રસીકરણ શરૂ થયાના કલાકોમાં જ રાજકારણ પણ શરૂ થઈ ગયું હતું. કોંગ્રેસે આ મહા અભિયાન પર પ્રશ્નો ઉભો કર્યો છે. કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ જણાવ્યું કે કેટલાક નિષ્ણાત ડોક્ટર્સે કોવેક્સિનની અસરકારકતા સામે સાવલો ઉભા કર્યા છે. બીજીતરફ દુનિયામાં દિગ્ગજ નેતાઓએ આગળ આવીને કોરોનાની રસી લીધી છે પરંતુ ભારત સરકાર સાથે જોડાયેલા અન્ય કોઈ નેતા રસી લીધી નથી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા મનીષ તિવારીએ કોરોના રસીના ઉપયોગને મંજૂરી સામે પ્રશ્ન ઉભો કર્યો છે. તિવારીએ દાવો કર્યો હતો કે રસીને ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી આપવા કોઈ નીતિગત માળખું નથી. તેમણે કહ્યું કે, કેટલાક નિષ્ણાત ડોક્ટર્સે સરકાર સમક્ષ કોવેક્સિનની અસરકારકતા અને સુરક્ષા મુદ્દે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે અને કહ્યું કે કે તેમને કઈ રસી મૂકાવી તેની પસંદગી તેઓ કરી શકશે નહીં. આ સહમતિના સિદ્ધાંતથઈ તદ્દન વિરુદ્ધ છે. જો વેક્સિન સંપૂર્ણ રીતે સુરક્ષિત અને વિશ્વસનીય છે તો મોદી સરકારમાંથી કોઈ રસી મૂકાવવા કેમ આગળ આવ્યું નહીં. વિશ્વના અન્ય દેશોમાં રસી આપવા ટોચના નેતાઓ આગળ આવ્યા હોવાનું જોવા મળ્યું છે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી મનીષ તિવારીએ કોવેક્સિન સામે આંગળી ઉઠાવતા કહ્યું કે, કોવેક્સિનને જરૂરી પ્રક્રિયા પૂર્વે જ મંજૂરી આપી દેવામાં આવી છે. તિવારીએ ટ્વીટ કરીને કહ્યું કે, રસીકરણ શરૂ થયું છે, આશ્ચર્યની વાત એ છે કે ભારત પાસે હજી સુધી દવાના ઈમર્જન્સી ઉપયોગને મંજૂરી આપવા યોગ્ય માળખું પણ નથી. તેમ છતાં ભારતમાં રસીકરણ અંતર્ગત બે ડોઝની મંજૂરી આપવામાં આવી છે.

# દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ગાઢ ધૂમ્મસ: સંખ્યાબંધ ટ્રેન રદ કરાઈ

ન્યુ દિલ્હી,તા.૧૬

પાટનગર નવી દિલ્હીમાં છેલ્લા બે દિવસથી પડેલા વરસાદના પગલે આજે સવારે ગાઢ ધૂમ્મસ છવાઇ ગયું હતું. વિઝિબિલિટી લગભગ શૂન્ય પર પહોંચી હતી.

કેટલાક વિસ્તારોમાં તો બે ત્રણ મીટરથી આગળનું કશું દેખાતું નહોતું. એની અસર ટ્રાફિકને થઇ હતી. વાહન ચાલકો ધીમે ધીમે અને સાવચેતીથી આગળ વધતા નજરે પડ્યા હતા. પગે ચાલીને જનારા લોકોની હાડમારીનો પણ પાર નહોતો. વાહનો ચલાવનારા લોકોએ વાહનની લાઇટ ચાલુ રાખી હોવા છતાં એકદમ ઓછી વિઝિબિલિટીના કારણે તકલીફો પડી રહી હતી.

રેલવે તંત્રે જાહેર કર્યા મુજબ દિલ્હી તરફ આવી રહેલી ૨૪ ટ્રેન મોડી દોડતી હતી. એજ રીતે ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઇટ્સને પણ પ્રતિકૂળ અસર થઇ હતી. આવા વાતાવરણમાં પણ દિલ્હીની સીમાડે હજારો કહેવાતા ખેડૂતો પ્લાસ્ટિકના તંબુમાં વસવાટ કરી રહ્યા હતા. હવામાન ખાતાએ સ્પષ્ટ શબ્દોમાં એવી આગાહી કરી હતી કે હાલ છે એના કરતાં પણ વધુ ઠંડી પડશે. તાપમાન ઘણું નીચું થઇ જવાથી ઠંડીમાં વધારો થયો હતો અને તાપણા કરનારા લોકો પણ ધ્રૂજી રહ્યા હતા. સડક પર પડ્યા રહેતા લોકો તો રીતસર ઠૂંઠવાઇ રહ્યા હતા.

કેટલીક ટ્રેન રદ કરવી પડે એવી પરિસ્થિતિ હતી. એજ રીતે કેટલીક ફ્લાઇટ્સ પણ રદ કરવાની ફરજ પડી હતી. ઉત્તર ભારતમાં પણ કાતિલ ઠંડી અને ધૂમ્મસના કારણે રોજબરોજના જનજીવનને પ્રતિકૂળ અસર થઇ હતી. આવી પરિસ્થિતિ હજુ થોડા દિવસ રહેશે એમ હવામાન ખાતાએ કહ્યું હતું. દિલ્હી અને એની આસપાસના વિસ્તારોમાં આગામી પાંચ દિવસ કાતિલ ઠંડી અને ધૂમ્મસ જોવા મળશે એવો વર્તારો હવામાન ખાતાએ કર્યો હતો. જો કે દિલ્હીમાં એક તરફ પ્રતિકૂળ હવામાન વચ્ચે હવામાં પ્રદૂષણ પણ ખૂબ હતું. એર ક્વૉલિટી ઈન્ડેક્સ ભયનજક આંક વટાવીને ૪૯૨ પર પહોંચ્યો હતો એમ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે જણાવ્યું હતું. એનો અર્થ એ પણ થતો હતો કે લોકો શ્વાસમાં ઝેર લઇ રહ્યા હતા.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા:૫૦૫

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૨૫૫૩૫૪

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૦૩

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૭૬૪

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૨૪૪૫૦૩

# સુપ્રિમ કોર્ટે ખેડૂતોની જેમ જમ્મુ-કાશ્મીરની પણ નોંધ લેવી જોઈએ: ઓમર અબ્દુલ્લા

ન્યુ દિલ્હી/શ્રીનગર,તા.૧૬

જમ્મુ કશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે ખેડૂત આંદોલનની નોંધ જાતે લીધી એ રીતે જમ્મુ કશ્મીરની પણ નોંધ લેવી જોઇએ.

તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર સરકારે ગેરકાયદેસર રીતે જમ્મુ કશ્મીરને ખાસ દરજ્જો આપતી ૩૭૦મી કલમ રદ કરી હતી. સુપ્રીમ કોર્ટે એની નોંધ લઇને જમ્મુ કશ્મીરની પ્રજાને ન્યાય આપવો જોઇએ. ઓમરે કહ્યું કે પોતાની રોજિંદી કામગીરી વચ્ચે ય સુપ્રીમ કોર્ટ ખેડૂત આંદોલનની નોંધ લઇ શકે તો જમ્મુ કશ્મીરની ૩૭૦મી કલમને લગતા કેસની પણ સ્વયં નોંધ લઇ શકે. ઓમરે કહ્યું કે નવા કૃષિ કાયદા અંગે સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેન્દ્ર સરકારે એકપક્ષી રીતે અને કોઇની સલાહ લીધા વિના આ કાયદા ઘડ્યા હતા. એ જ રીતે ૨૦૧૯ના ઑગષ્ટની પાંચમીએ જમ્મુ કશ્મીરનો ખાસ દરજ્જો નાબૂદ કરતો નિર્ણય લીધો એમાં કોઇની સલાહ લીધી નહોતી. એટલે સુપ્રીમ કોર્ટે આ મામલે પણ તત્કાળ સુનાવણી હાથ ધરવી જોઇએ. જમ્મુ કશ્મીરની પ્રજાની લાગણીની વાત છે.

રંજન ગોગોઇ ચીફ જસ્ટિસ હતા ત્યારે આ મુદ્દે ૨૦૧૯ના ઑગષ્ટની ૨૯મીએ સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નોટિસ આપી હતી. આ કેસ જસ્ટિસ એન વી રમણની કોર્ટને સોંપવામાં આવ્યો હતો. ૨૦૧૯ના ઓક્ટોબરની પહેલીએ પાંચ જજોની બનેલી બેન્ચે આ કેસની સુનાવણી પણ શરૂ કરી હતી. ત્યારબાદ એવો નિર્ણય લેવાયો હતો કે સાત જજોની બેંચ આ કેસને હાથ ધરશે. એવું કંઇ બને એ પહેલાં કોરોના અને લૉકડાઉન આવી પડતાં જમ્મુ કશ્મીરનો કેસ અટકી પડ્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# ઓરિસ્સાના મુખ્યપ્રધાન પટનાયક દેશના સૌથી શ્રેષ્ઠ મુખ્યમંત્રી



**કાર્યક્ષમતાની દ્રષ્ટિએ ઓરિસાના મુખ્ય પ્રધાન નવીન પટનાઇક દેશના સૌથી શ્રેષ્ઠ મુખ્ય પ્રધાન હોવાનું એક સર્વેમાં જાહેર કરાયું હતું.**

**બીજા ક્રમે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલનું અને ત્રીજા ક્રમે આંધ્ર પ્રદેશના જગન મોહન રેડ્ડીનું નામ આવ્યું હતું. ભાજપ સાથેની અથડામણ અને હિંસક બનાવો છતાં પશ્ચિમ બંગાળના મમતા બેનર્જી મુખ્ય પ્રધાન તરીકેની પોતાની કામગીરીમાં ચોથા ક્રમે આવ્યા હતા.**

**અત્રે એ યાદ કરવા જેવું છે કે સૌથી લાંબા સમય સુધી મુખ્ય પ્રધાનપદે રહેવાનો વિક્રમ પણ ઓરિસાના નવીન પટનાઇકનો છે, પટનાઇકને સર્વેમાં આશરે ૭૯ ટકા (૭૮.૮૧) લોકોએ મત આપ્યો હતો. બીજી બાજુ ભાજપ શાસિત ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન ત્રિવેન્દ્ર સિંઘ રાવતને માત્ર ૦.૪૧ ટકા મતો મળ્યા હતા. એટલે કે રાવત દેશમાં સૌથી ખરાબ વહીવટકર્તા છે એમ કહી શકાય.**


**એક સર્વેમાં આ પરિણામો પ્રગટ થયા હતા. ઓરિસામાં ૬૮.૫૭ ટકા લોકો પટનાઇકના કામથી ખુશ હતા. ૨૦ ટકા લોકો ઠીક ઠીક ખુશ હતા અને દસ ટકા લોકો નારાજ હતા. દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને મળેલા ૭૭ ટકા મતોમાં ૫૭ ટકા લોકો ખૂબ સંતુષ્ટ હતા, ૩૧ ટકા લોકો ઠીક ઠીક સંતુષ્ટ હતા અને ૧૧ ટકા લોકો નારાજ હતા.**

**ત્રીજા ક્રમે આવનારા વાઇએસઆ કોંગ્રેસ પાર્ટીના જગન મોહન રેડ્ડી આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન તરીકે ત્રીજા ક્રમે આવ્યા હતા. તેમને ૬૬.૮૩ ટકા મતો મળ્યા હતા. રાજ્યના માત્ર ૧૬ ટકા લોકો એમના કામથી નારાજ હતા. બાકીના બધા સંતુષ્ટ હતા. ભાજપ શાસિત ઉત્તરાખંડના મુખ્ય પ્રદાન ત્રિવેન્દ્ર સિંઘ રાવત છેક ૨૩મા સ્થાન પર હતા. રાજ્યના માત્ર ૨૬ ટકા લોકો તેમના કામથી સંતુષ્ટ હતા. ૪૯ ટકા લોકોએ સ્પષ્ટ શબ્દોમાં રાવત માટે નારાજી અને નાખુશી વ્યક્ત કરી હતી. બાકીનાએ કહ્યું કે રાવત ઠીક છે. બીજા જે બે મુખ્ય પ્રધાનોને ખરાબનું રેંકિંગ મળ્યું છે એ બંને પંજાબ અને હરિયાણાના છે.**

**અત્રે એ નોંધનીય છે કે દિલ્હીના સીમાડે છેલ્લા પચાસ દિવસથી આંદોલન કરી રહેલા મોટા ભાગના કહેવાતા ખેડૂતો પણ પંજાબ અને હરિયાણાના છે. હરિયાણાના મુખ્ય પ્રધાન મનોહર લાલ ખટ્ટરના કામથી માત્ર ૨૩ ટકા લોકો ખુશ હતા જ્યારે પંજાબમાં કેપ્ટન અમરીન્દર સિંઘના કામથી ૨૨ ટકા લોકો ખુશ હતા.**

# સદાબહાર સુર - 3

## અવિનાશ વ્યાસ




આજે બસ સાવ અમસ્તી જ બેઠી હતી અને કેલેન્ડ તરફ નજર ગઈ. જોત જોતામાં તો એક આખું વર્ષ બદલાઈ ગયું. કેલેન્ડરનાપાના પર ૨૦૨૧નું વર્ષ હવેના પછીના દિવસોમાં એની હાજરી પુરાવતું રહેશે. ભલેને તારીખ બદલાય, મહિનો બદલાય પણ આ ૨૦૨૧નું વર્ષ તો આપણી નજર સમક્ષ એક આખા વર્ષ સુધી ઝળક્યા જ કરવાનું.

એની સાથે મનમાં વિચાર આવ્યો કે કેટલાય વર્ષો આમ ને આમ વહી ગયા અને વહી જશે પણ એની સાથે સાથે કેટલાય એવા કવિ, ગીતકાર અને સંગીતકાર છે જેમની રચનાઓ આવા વર્ષો જ નહીં દાયકાઓવિત્યા તેમ છતાં આજે પણ ક્યારેક કોઈ એવી ઘટના બને કે જીવનનો કોઈ પ્રસંગ હોય ત્યારે ય આપણા મનમાં, ચિત્તમાં સાવ અનાયાસે ઝળકી જાય છે, રણકી જાય છે. મારે તો ઘણીવાર એવું બન્યું છે.

અવિનાશ વ્યાસ એક એવું ગૌરવવંતુ નામ છે જેમણે ગુજરાતને ગાતું કર્યું. એમણે અગણિત ભજન, ગીત, ગરબા, રાસ લખ્યા. એક નહીં અનેક પ્રસંગોનેઆવરી લેતી એમની કૌટુંબિક, સામાજિક, પ્રાસંગિક રચનાઓમાં સૂર અને સરળતા હતી અને એટલે જ એ દરેક ઉંમરના લોકોએ ઝીલી લીધી અને હોંશેહોંશે ગાઈ. ગીતકાર હોવાના લીધે એમની પાસે શબ્દોની સમૃદ્ધિ હતી. શબ્દોની સાથે પ્રાસ એ જ એમના ગીતોનેસફળતાનીબુલંદીએ લઈ ગયા.

યાદ છે ને પેલો ગરબો?

"હે રંગલો જામ્યોકાલંદરીને ઘાટ, છોગાળા તારા, છબીલા તારા રંગભેરુજુવે તારી વાટ"

સૌ પ્રથમ ૧૯૭૬માં રજૂ થયેલી ' સોનબાઈનીચૂંદડી'મા એ ગરબા સ્વરૂપે ગવાયું અને એની હલક છેક ૨૦૧૮ માં બોલીવુડની ફિલ્મ સુધી ગૂંજી. પ.યાદ છે ને ૧૯૭૯માં આવેલી ફિલ્મ 'સુહાગ'નો એ ગરબો.." મા શેરોવાલી, ઊંચે ડેરોવાલી "પ. અ ા જ ન ા મહાનાયકઅમિતાભબચ્ચન અને રેખાને પણ આ ધૂન પર ગરબેઘૂમતા આપણે જોયા. જો કે એમાં શબ્દરચના અલગ હતી પણ સૂર-તાલ-ધૂન તો એ જ કાલંદરીના ઘાટે રમતારંગલાની જ તો.

આ ગરબો જેટલી વાર સાંભળું અને મનમાં એક આખે આખું ગોકળીયું ગામ મનમાં તાદ્રશ્ય થઈ જાય છે. તમે પણ જરા આંખ બંધ કરીને કલ્પના કરી જુવો.

રઢિયાળી રાત હોય અને કાલંદરીના ઘાટે ગામની ગોપીઓ ઘેલી થઈને એકદમ છેલછબીલાકાનુડાહાટુ વાટ નિરખતીઅધીરી થઈ છે. એના રંગભેરુ ય તાલે તાલ મેળવવા ઉતાવળા થયા છે એનું શબ્દચિત્ર આખેઆખું જ નહીં આબેહૂબ અવિનાશ વ્યાસે રજૂ કર્યું છે એટલું જ નહીં એમાં સંગીત થકી જે પ્રાણ પુર્યો છે એ સાંભળીને તો કોઈના ય પગ ગતિ ન પકડે તો નવાઈ અને સાચું કહું તો અહીંઅમેરિકાના ગુજરાતી સિનિયર સિટિઝન ડેકેરમાં ૭૦/૭૫ વર્ષના વડીલોને ય મેં તો જાણે એમનો છોગાળો, એમનો છબીલો સાથે હોય એમ તાલે ઘૂમતા જોયા છે ને મન પ્રસન્ન થઈ ઉઠ્યું હતું. આ જ તો છે અવિનાશ વ્યાસના ગીત સંગીતનો જાદુપ

વળી ગુજરાત, ગુજરાતી અને ગરબા તો જાણે એકમેકના પૂરક. ગુજરાતી હોય ત્યાં ગરબો ન ગવાય તો જ નવાઈ. જો કે આ ગરબો તો ગુજરાતની શેરીમાંથીવિસ્તરીને દેશ-વિદેશ સુધી ગાજ્યો અને એને ગજવવામાં એક આપણા પ્રિય અવિનાશ વ્યાસનું નામ તો મોખરે આવે હોં કે..

એટલે અમદાવાદની શેરી હોય કે વિદેશના પબ્લિક પ્લેસના પટાંગણ હોય ગરબાની મોસમ શરૂ થાય અને

'હે રંગલો જામ્યોકાલંદરીના ઘાટ છોગાળા તારા

હો રે છબીલા તારા રંગભેરુજુવે તારી વાટ પરંગલોપ." તો ગાજે જ.

એના વગર તો નવરાત્રી જ જાણે ફીક્કી બની જાય અને આ ગરબાનો ઉપાડ થાય તો એકપણ રંગભેરુરાસેરમવા ન ઉતરે એવું બને જ નહી નેપ. આવો તો જાદુ છે આ ગરબાના શબ્દોમાં, એના સંગીતમાં.

' હે હાલ્યહાલ્યહાલ્ય'ની હાકલ પડે અને જો વાતોમાં રાત વહી જાય તો પરભાત માથે પડવાની વેળા આવીને ઉભી રહે એના કરતાં જે ક્ષણો મળી છે એને માણી લેવાની ત્વરા અને તત્પરતા જે દરેક ખેલૈયાનાઉમળકામાં મેં જોઈ છે એ તો આજે પણ એવી જ અકબંધ છે જેવી કાનાનારંગભેરુમાં હતી.

ભલેને પછી આ ગરબો પુરુષોત્તમ ઉપાધ્યાનાઘેઘુર અવાજમાં ગવાય કે ફાલ્ગુની પાઠકના તોફાની અવાજમાં, શ્યામલ સૌમિલ-આરતી મુનશી કે પાર્થિવ ગોહિલનાસૂરીલા સ્વરે ગવાય પણ એ સમયે તો અવિનાશ વ્યાસના શબ્દો અને સંગીત રચનાનો જે લહેકો છે ને એમાં જ સાંભળનાર પણ તાનમાં આવી જાય.

' હેપપરંગરસીયા, તારો રાસડો માંડીને, ગામને છેવાડે બેઠા,

કાના તારી ગોપલીએ તારે હાટુ તો કામ બધા મેલ્યા હેઠે

તને બરકે તારી જશોદા માત

છોગાળા તારા, છબીલા તારા હોરેરંગીલા તારા રંગભેરુજુવે તારી વાટ'

જાણે ગોકુળીયા ગામના છેવાડે સૌ એકઠા મળ્યા છે અને જે અધીરાઈથી કાનાની વાટ નિરખે એ આખેઆખાગોકળીયા ગામની પાદર આપણામાં આવીને વસે અને પછી તો છોગાળો છેલ પહોંચ્યો છે અને જે રમઝટ બોલાવી હશે એ રમઝટ જ શબ્દોમાં આબાદ પડઘાઈ છે. હે હાલ્યહાલ્યહાલ્યની હાકલ પડે ને ત્યારે તો આપણને પણ એ ગામના ગોંદરે પહોંચી જવાનું તાન ચઢે. આ ગાન, આ તાન જ તો અવિનાશ વ્યાસના શબ્દોની કમાલ છે.

આ કમાલનો જાદુ તો ક્યારનો આપણા પર છવાયો છે અને છવાયેલો રહેશે.

**Rajul Kaushik**
**http://www.rajul54.wordpress.com**






**અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતેથી કોરોના વેક્સિનેશનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો. નાગરિકો કોઇપણ જાતના ભય અને અફવાઓથી દૂર રહી કોરોના રસીકરણનો લાભ લે. રાઉન્ડ ધ ક્લોક કામ કરી કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા-શુશ્રુષા કરનાર હેલ્થકેર વર્કરોને કોરોના રસીકરણમાં પ્રાથમિકતા આપવામાં આવી છે. અમદાવાદના નામાંકિત તબીબો, મેડિકલ જગતના તજજ્ઞો, પદાધિકારીઓએ પણ આજે વેક્સિન લઇને અન્ય લોકોને પ્રોત્સાહનરૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે. કોરોના મહામારીથી હેરાન-પરેશાન લોકો માટે અમૃત સમાન વેક્સિન હવે આવી ગઇ છે.**

### ભિલોડા પોલીસ સ્ટેશનના બે એસએસઆઈ અને એક હેડકોન્સ્ટબલ સસ્પેન્ડ

# એસપી સંજય ખરાતની કામગીરીથી પોલીસબેડામાં ફફડાટ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં સ્વચ્છ છબી ધરાવતા પોલીસવડા સંજય ખરાતના આગમન પછી બુટલેગરો સાથે ભાઈબંધી રાખતા ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓ સામે સખ્ત કાર્યવાહી કરી સસ્પેન્ડ કરી ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓમાં દાખલો બેસાડી રહ્યા છે તેમ છતાં બે નંબરી આવકમાં મદમસ્ત બનેલા જીલ્લાના કેટલાક ભ્રષ્ટ પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓ નોકરીના ભોગે પણ ભાઈબંધી નીભાવી રહ્યા છે એસપી સંજય ખરાતે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઈ રાયચંદ રત્નાભાઇને થોડા સમય અગાઉ પોલીસ કસ્ટડીમાં રહેલો નામચીન બુટલેગર ફરાર થઇ જવાના કેસમાં સસ્પેન્ડ કરી દીધા હતા તેમજ જીગ્નેશ બચુ ભાઈ નામના પોલીસ કોન્સ્ટેબલે બુટલેગર સાથે ભાઈબંધી નિભાવતો હોય તેમ બુટલેગર સાથે અંગત અદાવત રાખનાર વ્યક્તિને ભિલોડા બજારમાંથી ઉઠાવી જઈ જેશીંગપુરમાં ઢોર માર મારવાના કેસમાં તેમજ એએસઆઈ શંકરભાઇ સોમાભાઈને ફરિયાદમાં જીજ્ઞેશ બચુભાઈ નામના પોલીસકર્મીને બચાવવા બેદરકારી ભરી તપાસ કરતાં સસ્પેન્ડ થવાનો વારો આવ્યો છે એસપીના આદેશના પગલે પોલીસબેડામાં ખળભળાટ મચ્યો છે

ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો જીજ્ઞેશ બચુ ભાઈ નામનો પોલીસકર્મી સ્થાનીક બુટલેગરો સાથે ભાઈબંધી રાખતો હોવાની સાથે ભિલોડાના લીસ્ટેડ બુટલેગર નોરનીસે ભિલોડા બજારમાંથી અંગત અદાવતમાં એક વ્યક્તીને ઉઠાવી લઈ જેશીંગપુર ગામમાં લઇ જઈ તેના મળતીયાઓ સાથે ઢોર માર મારી અધમુવો કરી નાખ્યો હતો જેમાં ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હેડકોન્સ્ટેબલ જીજ્ઞેશ બચુભાઈની સંડોવણી હોવા છતાં તેને છાવરતા હોય તેમ આ કેસની તપાસ કરી રહેલા

એએસઆઈ શંકરભાઈ બચુભાઈની કામગીરી સામે અનેક સવાલ ઉઠ્યા હતા આ અંગે એસપી સંજય ખરાતને જાણ થતા સમગ્ર કેસની તપાસ ડીવાયએસપી ભરત બસીયાને સોંપતા પોલીસકર્મી જીજ્ઞેશ બચુભાઈ નોરીનીસ નામના બુટલેગર સાથે ભાઈબંધી નિભાવી હોવાની સાથે કેસની તપાસ કરી રહેલા એએસઆઈ શંકરભાઇ બચુભાઈ બેદરકારી દાખવી પોલીસકર્મીને બચાવવા કામગીરી કરી રહ્યા હોવાનું જણાતા આ અંગે એસપીને રિપોર્ટ સુપ્રત કરતા એસપી સંજય ખરાતે બંનેને સસ્પેન્ડ કરી દેતા પોલીસ કર્મીઓમાં ફફડાટ ફેલાયો છે જીલ્લામાં ખાખીને કલંકીત કરી વિદેશી દારૂના નફામાં થતા બમણા નફાની લાલચમાં બુટલેગરના વહીવટદાર બની જતા હોવાની સાથે બુટલેગરોની ચાલતી લાઈનને સુરક્ષા પણ પુરી પાડતા હોય છે પોલીસકર્મીઓ જ બુટલેગર બની કાયદાના સંકંજામાં લપેટાયા છે અને સસ્પેન્ડ થયા છે ત્યારે ભિલોડા પોલીસે ઝડપેલા ત્રણ જીલ્લાના લીસ્ટેડ બુટલેગર સંદિપકુમાર ઉર્ફે મોન્ટૂ મોહનભાઈ ચાવડા(રહે,ભાટ,ગાંધીનગર ) ઝડપાયાના ગણતરીના કલાકોમાં પોલીસ કસ્ટડીમાંથી ભાગી પોલીસ સ્ટેશન બહાર ઉભેલી કારમાં નાસી જતાં પંથકમાં ચકચાર મચી હતી સમગ્ર પ્રકરણને મામલે એસપી સંજય ખરાતે બુટલેગર કસ્ટડીમાંથી ભાગી જવામાં એએસઆઈ રાયચંદભાઈ રત્નાભાઇ ની બેદરકારી જણાઈ આવતા સસ્પેન્ડ કરી દીધા છે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા

બે એએસઆઈ અને એક પોલીસકર્મીને સસ્પેન્ડ કરી દેતા પોલીસબેડામાં ફફડાટ ફેલાયો છે

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૬૮૩ અને ચાંદીમાં રૂ.૩,૨૭૯નો સાપ્તાહિક ધોરણે કડાકો

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૮થી ૧૪ જાન્યુઆરીના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં વ્યાપક ઘટાડો થયો હતો. સોનું ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૬૮૩ અને ચાંદીમાં કિલોદીઠ રૂ.૩,૨૭૯ તૂટ્યા હતા, જ્યારે બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના વાયદાના ભાવમાં ઉછાળો હતો, જ્યારે કપાસ, સીપીઓ અને રબરમાં નરમાઈનો માહોલ હતો.

દરમિયાન, કીમતી ધાતુનો સૂચકાંક બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૯૩૦ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૫,૯૨૦ અને નીચામાં ૧૫,૦૬૦ના મથાળે અથડાઈ સપ્તાહ દરમિયાન ૮૬૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૫૮૬ પોઈન્ટ ઘટી ૧૫,૩૬૭ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૪,૦૭૨ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ૬૫૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૨૫૧ પોઈન્ટ ઘટીને ૧૩,૮૫૨ના સ્તરે બંધ થયો હતો.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૭૫૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૦,૭૯૯ અને નીચામાં રૂ.૪૮,૬૩૫ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૧,૬૮૩ના કડાકા સાથે રૂ.૪૯,૨૨૧ના સ્તરે બંધ થયો હતો.

ગોલ્ડ-ગિનીનો જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૦,૭૪૧ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૨૧૩ના ભાવઘટાડા સાથે રૂ.૩૯,૬૦૫ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫,૦૭૪ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૬૪ ઘટી બંધમાં રૂ.૪,૯૧૩ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૯,૬૯૪ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૬૯,૮૨૫ અને નીચામાં રૂ.૬૩,૬૦૩ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૩,૨૭૯ના કડાકા સાથે રૂ.૬૬,૬૮૩ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૯,૭૯૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩,૨૪૦ના ભાવઘટાડા સાથે રૂ.૬૬,૬૬૫ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૯,૮૩૮ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩,૨૩૨ના ઘટાડા સાથે બંધમાં રૂ.૬૬,૬૬૬ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૩,૭૪૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૯૭૬ અને નીચામાં રૂ.૩,૭૩૮ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૧૬૧ના ઉછાળા સાથે બંધમાં રૂ.૩,૮૯૯ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો જાન્યુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૮.૨૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩.૫૦ ઘટી રૂ.૧૯૭.૬૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૨૧૪.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩ ઘટી રૂ.૧,૨૧૧ના સ્તરે બંધ થયો હતો, જ્યારે રૂ (કોટન)નો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૨૧,૧૧૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨૧,૪૫૦ અને નીચામાં રૂ.૨૦,૮૩૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૧૭૦ના ઉછાળા સાથે રૂ.૨૧,૨૬૦ના સ્તરે બંધ થયો હતો. મેન્થા તેલનો જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૩.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૦૨ અને નીચામાં રૂ.૯૮૬.૧૦ના સ્તરને સ્પર્શી સપ્તાહના અંતે રૂ.૧.૬૦ વધી રૂ.૯૯૪.૮૦ના સ્તરે બંધ થયો હતો.

ક્રૂડ પામતેલ (સીપીઓ)નો જાન્યુઆરી વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૯૮૮ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૦.૩૦ ઘટી રૂ.૯૫૭.૧૦ના ભાવે બંધ થયો હતો, જ્યારે રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૬૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૫,૬૮૯ અને નીચામાં રૂ.૧૫,૧૧૦ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૧૬૫ના ભાવઘટાડા સાથે રૂ.૧૫,૩૧૩ના ભાવે બંધ થયો હતો.

## ક્રિકેટર હાર્દિક પંડ્યાના પિતાનું હાર્ટ એટેકના હુમલાથી નિધન

*વડોદરા,તા.૧૬*

ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર ખેલાડીઓ હાર્દિક પંડ્યા અને કૃણાલ પંડ્યાના પિતાનું આજે વહેલી સવારે વડોદરામાં નિધન થયું હતું. સવારે હૃદયરોગનો હુમલો થતાં ક્રિકેટરબંધુના ૭૧ વર્ષીય પિતા હિમાંશુભાઈ પંડ્યાનું નિધન થયું હતું, જેથી બંને પુત્રો કૃણાલ-હાર્દિક પંડ્યા આવી પહોંચ્યા હતા. ત્યાર બાદ અંતિમયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં પરિવાર, સંબંધીઓ સહિતના લોકો હાજર રહ્યા હતા. જ્યારે બંને દીકરાએ પીતાંબર પહેરી શાસ્ત્રોક્ત વિધિપૂર્વક કાંધ આપી હતી. બાદમાં વડીવાડી ખાતે અગ્નિસંસ્કાર આપવામાં આવ્યા હતા.

બરોડા ક્રિકેટ એસોસિયેશન મીડિયા કમિટીના ચેરમેન સત્યજિતસિંહ ગાયકવાડે જણાવ્યું હતું કે છેલ્લા થોડા સમયથી હિમાંશુ પંડ્યાની તબિયત નાદુરસ્ત હતી. આજે સવારે ૪ વાગ્યે હાર્ટ-અટેક આવતાં તેમને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા, પણ તેમનું રસ્તામાં જ નિધન થયું હતું.

# વડાપ્રધાન મોદી આજે કેવડિયા માટે ૮ નવી ટ્રેનોને લીલી ઝંડી દેખાડશે

### ૨૦મી જાન્યુઆરીએ વડાપ્રધાન મોદી ગુજરાત સરકારના ડિજિટલ સેવાસેતુ કાર્યક્રમના બીજા તબક્કાનું લોંચિંગ કરશે



અમદાવાદ,તા.૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ૧૭મી જાન્યુઆરીના રોજ સવારે ૧૧ કલાકે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા માટે ૮ નવી ટ્રેનોને લીલી ઝંડી દેખાડશે. આ ટ્રેનો વારાણસી, દાદર, દિલ્હી, અમદાવાદ, રીવા અને ચેન્નઈ સ્ટેશનોથી રવાના થશે. અમદાવાદ-કેવડિયા જનશતાબ્દી ટ્રેનમાં એક વિસ્ટાડોમ કોચ પણ હશે. તેને વિશેષ રૂપથી પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ટ્રેનની યાત્રાને સુંદર અને યાદગાર બનાવવા માટે બનાવવામાં આવ્યો છે. કોવિડ બાદ આ પ્રથમ તક હશે જ્યારે કોઈ પેસેન્જર ટ્રેનને લોન્ચ કરવામાં આવશે. આ એક્સપ્રેસ ટ્રેન સેવા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી જનારા પ્રવાસીઓ માટે શરૂ કરવામાં આવશે. અધિકારીઓએ કહ્યું કે, નિયમિત રેલ સેવાથી પર્યટન સ્થળ પર વધુ પ્રવાસીઓ આવશે.રેલ મંત્રાલયે સ્ટેચ્યુ ઓફ યુનિટીની પાસે કેવડિયા રેલવે સ્ટેશન બનાવ્યું છે, જેનું ઉદ્ઘાટન પણ રવિવારે પીએમ મોદી કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની જાહેરાત પહેલાં મહત્વના ત્રણ પ્રોજેક્ટનું ત્રણ અલગ અલગ કાર્યક્રમો યોજીને વીડિયો કોન્ફરન્સથી લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે. આ સાથે વડોદરાથી કેવડિયા વચ્ચે ટ્રેન શરૂ કરાશે. દેશના વિવિધ સ્થળોએથી કેવડિયા પહોંચવા ૮ જેટલી ટ્રેનોને પણ લીલી ઝંડી અપાશે. ૧૮મી જાન્યુઆરીએ વડાપ્રધાન મોદી મોટેરાથી ગાંધીનગર મહાત્મા મંદિર સુધીના મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાનું તેમજ સુરત મેટ્રોરેલ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત વીડિયો કોન્ફરન્સથી કરશે. ૨૦મી જાન્યુઆરીએ વડાપ્રધાન મોદી ગુજરાત સરકારના ડિજિટલ સેવાસેતુ કાર્યક્રમના બીજા તબક્કાનું લોંચિંગ કરશે. રાજ્યના ૮ હજાર ગામડામાં ૫૦ જેટલી ઓનલાઈન સેવાનો પ્રારંભ કરાશે. ગ્રામ્ય વિસ્તારોને ઇ-સેવા સાથે જોડવામાં ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની આજે છ ગધ રચનાઓ નીચે મુજબ છે.ગ્રુપ વિષયક માહિતી તેમજ અખબાર વિષયક માહિતી માટે સંપર્ક કરો.

www.janfariyadnews.com
Email :- prdpraval42@gmail.com
What's up calling :- 9824653073

---

**NOG SS No :- 0002**
પ્રકાર : ગધ
શિર્ષક : પ્રેમભાવ (પ્રેમ શું છે?ક્ર)

પ્રેમ એટલે ,"લાગણીનું સ્પંદન"
પ્રેમ એટલે, "મીઠાં ઝરણાંની અવિરત ધારા"
પ્રેમ એટલે,"આનંદના અવસરનું આંગણુ"
પ્રેમ એટલે, "નયનોની નજરોનું નિશાન"
પ્રેમ એટલે,"શરમભારે ઢળેલી આંખલડી"
પ્રેમ એટલે,"રણમાં ખીલેલું ગુલાબ"
પ્રેમ એટલે, "મૃગજળનાં ધસમસતાં વહેણ"
પ્રેમ એટલે,"ઝાંઝવાનાં જળમાં તરતાં બે પક્ષીઓ"
પ્રેમ એટલે,"પથ્થર વચ્ચે તરણાંનું હિજરાવું"
પ્રેમ એટલે,"મંજરીઓ પર મધુકરનો ગુંજારવ"
પ્રેમ એટલે,"ધરતીનો શણગાર"
પ્રેમ એટલે ,"હૈયામાં છલકાતો વૈભવ "
પ્રેમ એટલે, "પાંગરવાથી પીડાની અનુભૂતિ "
પ્રેમ એટલે ,"કોયલનું મધુર કુંજન"
પ્રેમ એટલે ,"અંતરનો વલોપાત"
પ્રેમ એટલે "તાપની છાંયડી ને શીતલતાની હૂંફ"
પ્રેમ એટલે "મમતાની પરખ ને તાતની સુંગંધ"

કહે નિયતી પ્રેમ એક એવી અનુભૂતિ છે જ્યાં સમય પણ અટકી જાય છે,પ્રેમનો વિસ્તાર અનંત છે, એને ન કોઈ સીમાડાનાં બંધન......

જીજ્ઞા કપુરિયા "નિયતી"

---

**NOG SS No - 0011**
પ્રકાર- ગધ
રચના- લેખ
શબ્દ- પ્રેમભાવ
શીર્ષકઃ- પ્રેમભાવ

પ્રેમભાવ એટલે લાગણીઓ, માંગણીઓ, અપેક્ષાઓ, વિશ્વાસ,આશા, મમતા, હેતનું ઉછળતું કૂદતું પૂર.

પ્રેમ એ મા-દીકરા-દીકરીનો,ભાઈ-બહેનો,બાપ- દીકરા-દીકરીનો, મિત્ર-મિત્રનો, કોઈ સ્થળ,પશુ-પંખી કે નિર્જીવ વસ્તુ સાથેનો હોઈ શકે છે.

પ્રેમ એ એક પવિત્ર બંધન છે,પણ જ્યારે એક વ્યક્તિની બીજી વ્યક્તિ સાથે અપેક્ષાઓ વધે છે. અપેક્ષાઓ પછી દુઃખનું કારણ બને છે. જે નિઃસ્વાર્થ પ્રેમ કરે તે જ સાચો પ્રેમ. ત્યાગ અને સમર્પણ પ્રેમમાં હોવું જરુરી છે. જેણે પશુની વૃતિથી પ્રેમ કર્યો છે, તે પ્રેમનાં મંદિરમાં નફરત અને ઘૃણાને લાયક છે.

પ્રેમને સમાજે એટલો ખરાબ ચીતર્યો છે કે મા ની મમતા ને બાપનું હેત,ભાઈ બહેનના પ્રેમને દુનિયામાં નિઃસ્વાર્થ પ્રેમને શંકાસ્પદ નજરે દેખતાં હોય છે. જેને પ્રેમનાં ઘા વાગ્યા હોય તે જ પ્રેમની પીડા જાણી શકે. તેનાં માટે વૈધના પાટા કે નિદાન ઉપચારની જરૂર નથી. પ્રેમ દરેક ઘા તથા હર રોગની દવા છે. પ્રેમરોગની સારવારમાં દવા કે દુઆમાં પ્રેમ જ અસર કરે છે.

પ્રેમ દુનિયાની સૌથી અણમોલ, દુર્લભ, અદ્રશ્ય સંપત્તિ છે. નરસિંહ, મીરાં,ભક્ત પ્રહલાદ,સંત તુલસીદાસ... સંતોએ ભગવાન શ્રીવિષ્ણુને પ્રેમ કર્યો હતો. જે સૂફી સંતો કહેવાયા. પ્રેમ શક્તિ છે અને સાથે ભક્તિ છે. પ્રેમ મરણાસન્ન માણસમાં જીવ આણે છે.

પ્રેમીઓ પ્રેમ ખાતર જીવ આપીને પ્રેમની દુનિયામાં તેઓ અમર થઈ જાય છે. દુનિયામાં પ્રેમ જ પૂજાય છે. જ્યારે પ્રેમ કરવાવાળાને નફરતથી જોવાવાળા દુનિયામાં ધિક્કારપાત્ર બને છે.

મા ,માતૃભૂમિ, માતૃભાષાને કરેલો પ્રેમ શ્રેષ્ઠ છે. માભોમ ખાતર ખુદને અર્પણ કરનાર દુનિયામાં પૂજાય છે. ભારતમાતાને કાજ પોતાનું બલિદાન આપનારને શત શત વંદન છે.
એ દેશપ્રેમ એ જ દેશભક્તિ.
એ દેશભક્તિ એજ માતૃભક્તિ.

પ્રેમ આંખોમાં ,પલકોમાં, વિચારોમાં, ચાલમાં ને હાલમાં, અદા ને શરમમાં, એ મા ના પાલવ અને બાપાનાં ઠપકામાં, ભાઈનાં કાંડામાં, બહેનનાં આશીર્વાદમાં, મિત્રની મિત્રતામાં, વાદળનાં ઘુઘરાટમાં,ચાતકની રાહમાં, મોરનાં ટહુકામાં, બાળુડાનાં ગાલનાં ખંજનમાં,દાદા -દાદીની ઝીણી આંખોમાં.... સર્વત્ર જ્યાં દેખો ત્યાં. પ્રેમ જોવા દ્રષ્ટિ જોઈએ. અંતે પ્રેમ...પ્રેમ.... પ્રેમ.....

મનોજકુમાર પંચાલ 'મન' ,પાલનપુર

---

**NOG SS NO.71**
વિષય : પ્રેમભાવ
વિભાગ : ગધ
ટૂંકી વાર્તા
શીર્ષક : અનોખી ભેટ

"મમ્મી, મારે લગ્ન કરવા જ નથી, મારૂં ધ્યેય લગ્ન જંજાળમાં પડવાનું નહી પણ વૃદ્ધાશ્રમમાં રહેતા દાદાદાદી અને અનાથઆશ્રમમાં રહેતા બાળકો સાથે જીવવાનું, તેમના માટે કાંઈક કરવાનું છે."

૬ મહીના પહેલાનાં જ કાનમા ગુંજતા ઋતુજાનાં શબ્દોથી સુલેખાબેન વિચારમાં પડી ગયાં કે હજી ઋતુજાની ક્યાં ઉંમર છે આ બધાં કાર્યોની...? હજી તો તેનું ગ્રેજ્યુએશન પણ પુરૂં નહોતું થયું અને ઘરની આર્થિક સ્થિતીની સાથે તેની ક્ષમતા અને ઉંમર પણ સમાજસેવા સામે નાના હતાં.

આમ તો ઋતુજાનું કેન્દ્રબિંદુ એની મમ્મી જ હતી, બંને મા દીકરી ખૂબ નજીક હતાં, તેથી જ બમણા ઉત્સાહથી ઋતુજા એની મમ્મીનાં જન્મદિવસની તૈયારીમાં લાગી ગઈ હતી. સુલેખાબેન ઋતુજાનું દિલ તોડવા નહોતા માંગતા પણ એને રોકવી જરૂરી હોવાથી હિંમત કરીને કહી જ દીધું કે આ સમાજસેવાના વિચાર અત્યારે મનમાંથી કાઢી નાંખે, અત્યારે આપણી સ્થિતિ એટલી મજબૂત નથી કે બીજાની પણ જવાબદારી ઉપાડી શકીએ, એના જન્મદિવસમાં આવી કોઇ પણ સમાજસેવાનું વિચારતી હો તો મહેરબાની કરીને વિચાર પડતો મૂકે.

"મમ્મી, મને અને ભાઈને તેં જે રીતે પેટે પાટા બાંધીને ભણાવ્યા અને ઉછેર્યાં એ પરિસ્થિતિ ના સમજી શકું એટલી નાદાન નથી!" તે રડતાં રડતાં બોલી, "હું તારા જન્મદિવસને યાદગાર બનાવવા માંગુ છું, જેમાં તને એક રૂપિયાનો ખર્ચ નહિ થાય અને છતાં તને એક યાદગાર ભેટ મળશે, બસ તું ખાલી મને સાથ આપ."

સુલેખાબેન ભેટી પડ્યાં દીકરીને અને છાની રાખતાં બોલ્યાં "ભલે બેટા હું તારી સાથે છું, આજે ખૂબ ખુશ છું કે મારી દીકરી હવે ખરેખર મોટી અને સમજુ થઈ ગઈ છે."

આખરે એ દિવસ પણ આવી ગયો જ્યારે સુલેખાબેન અનોખી ભેટ મેળવવાનાં હતાં, આતુરતામાં સવારથી સાંજ પડી ગઈ, ઋતુજા પણ જલ્દીથી તેડી જશે એમ કહીને બપોરે જમીને જ નીકળી ગઈ.

સાંજના ૬ વાગે ઋતુજાની ફ્રેન્ડ સુલેખાબેનને દૈનિક ચાલવાવાળા માટે બનેલા જોગર્સ પાર્ક પર લઈ ગઈ જ્યાં ઋતુજા નાનાં બાળકો સાથે બેઠી હતી. સુલેખાબેનનાં દાખલ થતાં જ પાર્કની નજીકની ઝૂંપડપટ્ટીનાં જે બાળકોને "ઋતુજા દીદી" અક્ષરજ્ઞાન આપતી હતી એ બધાં તેમને ઘેરી વળ્યાં અને ગુલાબના ફુલ સાથે જન્મદિવસની શુભેચ્છા આપવા લાગ્યાં.

ઋતુજાના ચહેરા પર તેના ધ્યેયની દિશામાં ભરેલ પહેલા ડગલાની ખુશી, બાળકોના મુખ પર ઋતુજા માટેનો આદર, અને સુલેખાબેનને મળેલી આ અનોખી ભેટ, બધું અવર્ણનીય હતું !!!

ઋતુજાનો આ બાળકો પ્રત્યેનો, એની મમ્મી પ્રત્યેનો, ગરીબ બાળકોનો "ઋતુજા દીદી" પ્રત્યેનો, કે સુલેખાબેનનો ઋતુજા પ્રત્યેનો.... કોનો પ્રેમભાવ ચડિયાતો એ કહેવું મુશ્કેલ હતું.

પારૂલ ઠક્કર 'યાદ' ભાવનગર

---

**NOG સાહિત્ય સરિતા**
**NOG SS. No.- 0080**
વિષય - બદલાતી જીવન શૈલી
પ્રકાર - ગધ (લેખ )

આપણે દરેક બાબતોનું સરવૈયું કાઢીએ છીએ. જીવનમાં બનતાં સારા નરસા પ્રસંગોનો તાળો મેળવીએ છીએ. આજે ૨૦૨૦ નાં વર્ષનો છેલ્લો દિવસ. આજનાં દિવસે વહી ગયેલા મહિનાઓ, દિવસોમાં થોડું ડોકિયું કરીએ તો લગભગ દરેક વ્યક્તિ એવું તો ચોક્કસ કહી શકે કે મારી જિંદગીમાં મેં આવો કોરોના જેવો કપરો કાળ, આવો સમય ક્યારેય પણ જોયો હોય, એવું યાદ નથી.૨૦૨૦નાં વરસનાં સમયગાળાએ માણસને ઘણું ઘણું શિખવાડ્યું. સ્વાવલંબન, પરિવારનો સહવાસ, મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની સૂઝ, બીજાંને મદદરૂપ થવાની ભાવના વગેરે જેવા સારાં પાસાંઓ માણસ જીવનમાં કેળવતો થયો. પણ એનાથી ઊલટું વિચારીએ તો, કેટલાંક લોકો મફતનું મેળવીને સંગ્રહખોરીમાં માનતા થઈ ગયાં. સામાજિક સંસ્થાઓ માંથી યેનકેન પ્રકારે મફતનું કઈ રીતે મેળવી લેવું એવી વૃત્તિ પર નિર્ભર બન્યાં.ટૂંકમાં જેની જેવી વૃત્તિ, એ પ્રમાણે દરેકે કોરોનાના સમયનાં સાથ સહકાર, ફાયદા,ગેરફાયદા મેળવી લીધાં,દીધાં.

ઘણી ઘણી વ્યક્તિઓ કોરોનાગ્રસ્ત બની ય ખરી. પણ એમાંથી કેટલાંક લોકો કોરોનાને મહાત કરી, મોતને હાથતાલી દઈને આવી ગયાં, તો ઘણાનાં સ્વજનોને કોરોના ભરખી ગયો અને જાણે અટ્ટહાસ્ય કરતો સામે ઊભો રહીને પોતાના વિજયની ધ્વજાપતાકા લહેરવતો હોય! અને કહેતો હોય.. હે, પામર, તુચ્છ મનુષ્ય, તું તારો અહંકાર છોડ, તું ક્યારેય કાળને વશ કરી શકવાનો નથી! કે કેદ કરી શકવાનો નથી!

" તું શાને ફરે છે, ગુમાનમાં,
તારે રહેવું ભાડાના મકાનમાં...

વર્ષા જાની,ભાવનગર

---

**NOG SS No::87**
વિભાગ ::ગધ
વિષય :: પ્રેમભાવ

ભારતીય સંસ્કૃતિમાં પતિ-પત્નીની કેટલીય આદર્શ જોડીઓ હશે પણ સૌથી શ્રેષ્ઠ જોડી તો રામ સીતાની જ. જ્યાં શ્રીરામે એક પત્ની વ્રતનો આદર્શ સ્થાપિત કર્યો છે ત્યાં જાનકી પણ મિથિલા, અયોધ્યાના રાજવૈભવ ત્યાગીને પતિ સાથે વનમાં ચાલી જાય છે. રાવણના પ્રલોભનો ઠુકરાવીને પવિત્રતા જાળવી રાખે છે અને સંસારને પતિવ્રતા સ્ત્રીનું ઉદાહરણ આપે છે.

સામાન્ય રીતે મહિલાઓને ફરિયાદ હોય છે કે લગ્નના અમુક વર્ષો પછી પતિનો પ્રેમ ઘટવા લાગે છે. પણ રામકથા એનાથી વિપરીત છે. રામ-સીતાનો પ્રેમ દિન પ્રતિદિન વધતો જાય છે. બંનેને એકબીજા પ્રત્યે આદર છે. એકબીજા વિના સંસારમાં અધૂરપ છે. સંજોગવશ શ્રીરામે ભલે સીતામાતાનો ત્યાગ કર્યો પરંતુ સીતામાતા બંને પુત્રોને હંમેશા શ્રીરામના પાવનચરિત્રની,કર્તવ્ય પરાયણતાની વાતો સંભળાવે છે.

રામ -સીતાના પ્રેમનું ઉત્કૃષ્ટ વર્ણન ત્યારે જોવા મળે છે જયારે બંને વનમાં હોય છે. ઉઘાડાં પગે વનમાં ચાલતી વખતે સીતા થાકી જાય છે. તેના હોઠ સુકાય છે, પગમાં કાંટા વાગે છે. સીતાની તકલીફ જોઈને રામની આંખોમાં આંસુ આવી જાય છે. પતિનો આવો પ્રેમ જોઈને સીતા પણ ભાવ વિહ્વળ થઇ જાય છે.

સીતા માટે પ્રભુનો પ્રેમ નિષાદરાજનાં ભેટ પ્રસંગમાં ગંગા પાર કરતી વખતે જોઈ શકાય છે. તુલસીદાસ લખે છે "રામ સખા તવ નાવ મંગાઈ,પ્રિયા ચઢા ચઢે રઘુરાઈ" અથાૃત નાવડીમાં રામ પહેલા પત્નીને બેસાડે છે. પછી પોતે ચડે છે.

ચિત્રકૂટમાં રામ વનનાં સુંદર ફૂલો ચૂંટીને આભૂષણ બનાવતા હતાં અને સ્વહસ્તે સીતાને પહેરાવતાં હતાં. એનું વર્ણન રામચરિતમાનસમાં છે.

જયારે રાવણ સીતાનું હરણ કરે છે ત્યારે વિરહમાં વ્યાકુળ પ્રભુ રામ જંગલના પશુ -પક્ષી,જીવ -જંતુઓને પૂછે છે, "કોઈએ મારી મૃગનયની સીતાને જોઈ છે?" એવું નથી કે સીતા સુંદર હતી તેથી પ્રભુ સીતાના વિરહમાં દુઃખી હતા. સીતાના ગુણ, ધર્મપરાયણતાની તેઓ કદર કરતાં હતાં. તેઓ વનમાં પોકારતાં હતાં, "હે ગુનિખાન જાનકી સીતા,રૂપ, શીલ, વ્રત, નેમ, પુનિતા " અથાૃત ગુણોની ખાણ, રૂપવતી ,શીલવાન, પુનિતા સીતા તું ક્યાં છે?

વાલ્મિકી રામાયણમાં, વેદમાં ઉલ્લેખ છે કે પત્ની પુરૂષનું અડધું અંગ છે. વિવાહ વગર કોઈ પુરુષ પૂર્ણ નથી. રામે સીતાનો ત્યાગ કર્યો હતો પણ સંબંધોની પવિત્રતા ત્યારે પણ જળવાઈ રહે છે જયારે અશ્વમેઘ યજ્ઞ કરતી વખતે પ્રભુ બીજા લગ્ન નથી કરતાં પણ સીતાની સોનાની પ્રતિમાને પાસે બેસાડીને યજ્ઞકાર્ય સંપન્ન કરે છે. સંસારમાં પ્રેમનું સૌથી મોટું ઉદાહરણ ભારત અને લંકા વચ્ચેનો રામસેતુ છે. રામ-સીતાની પ્રેમકથામાં મિલન છે,વિરહ છે, પ્રેમ છે, આદર સન્માન છે. પરસ્પર વિશ્વાસ છે અને અદ્ભુત ત્યાગ પણ છે.

વંદના દયાળ (સુરત)

---

**NOG. સાહિત્ય સરિતા ગ્રુપ (૧)**
**NG. No. 0029**
વિભાગઃગધ
થીમઃ બદલાતી જીવનશૈલી
વાર્તા શીર્ષકઃ
"ન માનવા જેવો આભાર"

"ન માનવા જેવો આભાર"

સવારે ચા બની. નવ વાગે નાસ્તો બન્યો. સાડા બારે ગરમ ગરમ જમવાનું પણ તૈયાર.
બે વાગે ટી.વી. જોતાં જોતાં અચાનક સારંગને યાદ આવ્યું,
બે વાગી ગયા. હજી શ્રુતિ શું કરે છે?
રુમની બહાર ડોકિયું કર્યું તો બાલ્કનીમાં ઝાપટીને કપડાં સુકવતી શ્રુતિ નજરે ચડી.
સારંગને કપડાં પરથી વિખેરાયેલા સળની જેમ મગજ પરથી કરચલી વિખેરાઈ.
"આખો દિવસ શું કામ હોય તારે?"
આવા ઘણાં પ્રશ્નનાં જવાબ કોરોનાએ સાક્ષાત દેખાડી દીધાં હતાં.
સવારે ચા થી માંડીને રાતના ઘરને લોક મારવા સુધીનાં બધાં જ કામ જે મહત્વના કામનાં લિસ્ટમાં આજ સુધી નહોતાં આવતાં એ શ્રુતિને વ્યસ્ત રાખતાં હતાં. ક્યારેય પગાર નહીં, રજા નહીં. વગર બોલે કરાતાં કામ સારંગને ડંકાની ચોટ દેવા લાગ્યાં.
બીજે દિવસે સવારે શ્રુતિની આંખ ખુલી ત્યારે રસોડામાં ખખડાટ સંભળાયો.
બહાર આવીને જોયું તો સારંગના હાથમાં તપેલી અને સાણસી હતાં.
"શું કરો છો?"
"ચા મુકું છું."
"અરે હું મુકીશ ને!"
"હા, તું જ તો મુકે છે. લોકડાઉનમાં બધાંને વેકેશન પડ્યું પણ તારે બેવડી જવાબદારી આવી એ સમજાયું. ડોક્ટર અને આવશ્યક સેવાઓ બજાવનારને થાળી વગાડીને શાબાશી મળી પણ તને અને દરેક ગૃહિણીને અમારે ધન્યવાદ આપવા જોઈએ એ છેલ્લા કેટલાંય દિવસથી તને જોઉ છું ત્યારે સમજાય છે. જિંદગીભર કોઈ અપેક્ષા વિના હર એક સંજોગમાં તમારી સેવાઓ ૨૪/૭ ચાલુ જ હોય છે."
સારંગની બદલાયેલી જીવનશૈલી જોઈને શ્રુતિને મનોમન કોરોનાનો આભાર માનવાનું મન થયું.

લીના વછરાજાની.




## કુળદેવી પાસે પ્રાર્થનામાં શું માંગવું જોઈએ?




દરેક વ્યક્તિએ વાંચવા જેવી વાતઆપણા વડીલોને આપણે કુળદેવીની પ્રાર્થના કરતાં જોયા છે, તેઓ હરહંમેશ કુળદેવીને પ્રાર્થના કરતાં કેટલીક વિનંતીઓ પણ કરતાં હોય છે. આપણને પણ આપણા વડીલો કુળદેવી પાસે ઝોળી ફેલાવવા કહેતા હોય છે, કુળદેવીની આરાધના માટે આપણને સૂચનો કરતા હોય છે. પરંતુ આપણે કુળદેવી પાસે શું માંગવું જોઈએ અને કુળદેવી આપણી રક્ષા કેવી રીતે કરે છે ? તે કદાચ આપણે નહિ જાણતા હોઈએ. આજે અમે તમને આવી કેટલીક બાબતો જણાવવા જઈ રહ્યા છે.

કુળદેવી છે કુળની રક્ષક :

તમને બધાને ખબર જ હશે કે કુળદેવી એ આપણા કુળની રક્ષા કરનારી છે, જે હરહમેશ આપણા કુળને મુસીબતોમાંથી બચાવે છે. વર્ષમાં એક દિવસ આપણે કુળદેવી માટે હવન પણ કરીએ છીએ અને માતાજીના સ્થાનકે રહેલું શ્રીફળ અને ચૂંદડી બદલીએ છીએ. માતાજીનો શણગાર કરીએ છીએ. વર્ષોથી આ પરંપરા ચાલતી આવી છે. પરંતુ હવેની પેઢી આ પૂજા વિધિમાં ઓછું માને છે, પરંતુ આપણા વડીલોની વાતોને નજરઅંદાજ ના કરવી જોઈએ. આપણા વડીલો કુળદેવીની પૂજા કરતાં આવ્યા છે તેમને અનુસરીને આજની યુવા પેઢીએ પણ કુળદેવીની પૂજા આરાધના તેમજ તેમના માટેનું હવન કરવું જોઈએ જેનાથી કુળની રક્ષા તો થશે જ સાથે આવનાર કેટલીક મુસીબતોમાંથી પણ આપણે ઉગરી જઈશું.

કુળદેવીની આરાધના કરતી વખતે શું માંગવું? :

આપના વડીલો કુળદેવીની પૂજા કરતા હંમેશા કુળની રક્ષા કરવાનું જ માંગતા આવ્યા છે સાથે પોતાના બાળકો ઉપર કૃપાદષ્ટિ બનાવી રાખવાનું, પરિવારને સુખી સંપન્ન રાખવાનું, અમારા સંતાનો ક્યારેય ખોટા રસ્તે ના ચઢે, અમારા બાળકોની રક્ષા કરજો, અમારા કુળનો ઉદ્ધાર કરજો એવું વડીલો પાસેથી આપણે સાંભળ્યું જ હશે. આપણે પણ વીડીલોની જેમ આપણા સંતાનો માટે, આપણા ઉજવવળ ભવિષ્ય માટે, સુખી સંપન્ન પરિવાર માટે આ પ્રકારની કુળદેવી પાસે પ્રાર્થના કરવી જોઈએ. જો આમ નહિ કરો તો તમારા કુળદેવી તમારું કંઈ ખોટું તો નહીં કરે પરંતુ એમની કૃપાદષ્ટિથી તમે વંચિત રહી જશો.

શા માટે કુળદેવીની પ્રાર્થના કરવી જોઈએ?:

વડીલોની અતૂટ શ્રદ્ધા કુળદેવી પર રહેલી હોવાના કારણે તે કુળદેવી પાસે પ્રાર્થના કરતા હતા. પરંતુ આજની યુવા પેઢીને શ્રદ્ધા નથી રહી, તે એમ માને છે કે આ બધું મહેનતથી થાય છે. એ વાત સાચી છે કે મહેનતથી જ બધું થાય છે પરંતુ એ મહેનત કરવા પાછળ જે શક્તિ મળે છે એ શક્તિ આપણને ઈશ્વર તરફથી જ મળતી હોય છે. આપણને એકસરખા માણસો નથી મળતા, દરેકની શક્તિ અને મહેનત અલગ અલગ હોય છે. રસ્તામાં કામ કરતા કોઈ મજુર તનતોડ મહેનત કરે છે, પરસેવો પાડે છે ત્યારે એના જેવી મહેનત ઓફિસમાં બેસી કામ કરનાર વ્યક્તિથી ના થઈ શકે. એ આપણે બખૂબી જાણીએ છીએ. તો આ મજૂરને એ મહેનત કરવાની શક્તિ અને ઓફિસમાં બેસીને કામ કરવાની બુદ્ધિ આપણને ઈશ્વર જ પુરી પાડે છે. વડીલો કુળદેવીને તમારા સારા જીવન માટે પ્રાર્થના કરતા હોય છે, તમને સારી બુદ્ધિ મળે, સારું જ્ઞાન મળે, તમે ખોટા રસ્તે ના ચાલ્યા જાઓ તે માટે સતત આજીજી કરતા હોય છે અને તેના જ કારણે તમે સુખી સંપન્ન રહી શકો છો.

આ વ્યસ્ત જીવનમાં કેવી રીતે કરશો કુળદેવીની આરાધનાઃ

વડીલો કુળદેવીની કૃપા મેળવવા માટે ઘણા કામો કરતા, વાર તહેવારે તેમની આરાધના, તેમનું સ્થાપન, તેમના દર્શન, હવન જેવા ઘણા કર્યો કરતાં. પરંતુ આજના આ ભાગદોડ ભર્યા યુગમાં કોઈની પણ પાસે એટલો સમય નહીં હોય, વળી મોંઘવારી અને ઘરના ખર્ચને પહોંચો વળવા પાછળ આખો દિવસ મહેનત કરવી પડતી હોય છે. ત્યારે મનમાં એમ પણ થાય કે વડીલો પાસે તો આપણા જેવું કામ નહોતું એટલે એ કુળદેવીની આરાધના કરી શકતા, પરંતુ જયારે દિવસના ૨૪ કલાક પણ કામ કરવા માટે ઓછા પડતા હોય ત્યાં કુળદેવીની ભક્તિ કરવાનો સમય ક્યાંથી કાઢવો?

તો એના માટે પણ ઉપાય છે. આપણા કુળદેવી આપણી પરિસ્થિતિને સમજતા હોય છે. એ તો દેવી છે એને તો બધું જ ખબર હોય. ભક્ત બોડાણા જયારે અશક્ત થયા અને રાજા રણછોડરાયના દર્શન માટે દ્વારકા જઈ શકે એમ નહોતા ત્યારે ખુદ ભગવાન તેમની સાથે ડાકોર ચાલ્યા આવ્યા હતા. બસ તમને ઈશ્વરમાં શ્રદ્ધા હોવી જોઈએ બાકી ઉપરવાળો બધું જ જાણે છે, તે પોતાના ભક્તને ક્યારેય નિરાશ થવા દેતો નથી, દરેક મુશ્કેલ પરિસ્થિતમાં પણ કોઈને કોઈ રસ્તો તો બતાવે જ છે.

કુળદેવીની આરાધના માટે તમે વધુ કઈ ના કરી શકો તો વર્ષમાં માત્ર બે વાર તેમના દર્શને જાવ. પોતાની જાતને ભુલાવી બે હાથ જોડી કુળદેવી સામે થોડીવાર સુધી પ્રાર્થના કરો, માતાજીનું સ્મરણ કરો. માતાજી તમારા પર રાજી રહશે. આ સિવાય સવારે ઉઠતાની સાથે બે હાથ જોડી તમારા કુળદેવીનું નામ લો. તેમને પ્રાર્થના કરી કહો કે મારો આજનો દિવસ સારો વીતે, મારા પરિવાર પર તમારી કૃપા દષ્ટિ બની રહે, મારા સંતાનો, માતા-પિતા, પત્ની તેમજ પરિવારજનોનું શરીર સ્વસ્થ રહે, દિવસ દરમિયાન ભૂલથી પણ મારાથી કોઈ ખોટું કામ ના થાય. રાત્રે સુઈ જતી વખતે પણ આ પ્રકારનું સ્મરણ કરો, દિવસ દરમિયાન અજાણતા પણ કોઈ ભૂલ થઈ ગઈ હોય એની માફી કુળદેવી પાસે માંગો. સાચા દિલથી કરેલી પ્રાર્થના કુળદેવી જરૂર સાંભળશે જ. આ સિવાય વર્ષમાં એક વખત માતાજીનું હવન ઘરમાં કરો, શક્ય હોય તો નવરાત્રી દરમિયાન આઠમના દિવસે હવન કરો. માતાજીના સ્થાનક રૂપે રાખેલ શ્રીફળ અને ચૂંદડી બદલો, માતાજીનો શણગાર કરો. માતાજીને ભોગ ધરાવો, બ્રામ્હણને દક્ષિણા આપો. જયારે ઘરમાં કોઈ શુભ પ્રંસગ હોય ત્યારે માતાજીની આરાધના કરો. ઘરમાં જો નવા લગ્ન થયા હોય તો વર કન્યાને કુળદેવીના દર્શન કરવા માટે લઈ જાવ. ઘરમાં જો કોઈ બાળકનો જન્મ થાય તો એને કુળદેવીના મંદિરે લઈ જઈ માતાજી સામે સુવડાવી તેના ઉજ્જવળ ભવિષ્ય અને રક્ષણ માટે પ્રાર્થના કરો.

આજના વ્યસ્ત સમયમાં આટલો સમય તો તમને ચોક્કસ મળી જ રહેવાનો છે. જો તમે આટલી જ બાબતોનું ધ્યાન રાખશો તો તમારા ઉપર કુળદેવીની કૃપા હંમેશા બની રહેશે. તમારે જીવનમાં ક્યારેય નિરાશ થવું નહિ પડે. તમારા સંતાનોને પણ આ રીતે કુળદેવીની આરાધના કરવા વિશે સમજાવો. કારણ કે તમે જે તમારા માતા-પિતા, વડીલો પાસેથી શીખીને આવ્યા છો તે જ તમારા સંતાનોને પણ શીખવવાની તમારી ફરજ છે. એ પણ આવનાર ભવિષ્યમાં પોતાના સંતાનોને શીખવશે અને આ રીતે જ પેઢી દર પેઢી કુળદેવીની કૃપા તમારા ઉપર બનેલી રહશે.(પંકજ દવે. કડી)

# વડગામ તાલુકાના મોરીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પૂર્વ મંત્રી શ્રી રણછોડભાઈ રબારીની ઉપસ્થિતિમાં રસીકરણનો શુભારંભ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મોરીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પૂર્વ મંત્રી શ્રી રણછોડભાઈ રબારીની ઉપસ્થિતિમાં વેક્સિનેશનની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

સમગ્ર દેશભરમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિડિયો કોન્ફરન્સિંગ માધ્યમ દ્વારા દેશભરમાં કોરોના રસીકરણના મહાયજ્ઞની શરૂઆત કરી છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના વિવિધ કેન્દ્રો પરથી મહાનુભવો ઉપસ્થિત રહી



કોરાના રસીકરણનો શુભારંભ કરાવ્યો હતો. આ વેક્સિનનો લાભ લેનાર આરોગ્ય કર્મચારીઓને વિશેષ ઓળખ કાર્ડ આપવામા આવ્યું હતું. અને ×મેં કોરોના વેક્સિન લીધી છે× તેવું લખાણ વાળો ટેગ (બિલ્લો) આપવામા આવ્યા હતાં.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા પંચાયતના સભ્યશ્રી શ્રી અશ્વિનભાઈ સક્સેના, જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય શ્રી ફલજીભાઈ પટેલ, અગ્રણીશ્રી વિજયસિંહ બારડ, શ્રી ભીખુભાઈ બિહારી સરપંચશ્રી મોંઘજીભાઈ, એપેડેમીક મેડીકલ ઓફિસરશ્રી ડૉ.એન.કે.ગર્ગ સહિત આરોગ્ય વિભાગનો સ્ટાફ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

# કોરોના વોરિયર્સ હેલ્થ કેર વર્કસ બન્યા રસીકરણના પ્રથમ હકદાર, આનંદની લાગણી અનુભવી



## રાજપીપલા અર્બન હેલ્થ સેન્ટર ખાતે આજે પ્રથમ દિવસે ૧૦૦ હેલ્થ કેર વર્કર્સ અને તિલકવાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૫૦ સહિત કુલ ૧૫૦ જેટલાં હેલ્થ કેર વર્કરની કોરોના વિરોધી રસી કરણ કરાયેલુ

રાજપીપલા,તાં.૧૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સવારે કોવીડ- ૧૯ વેક્શીનેશનનો ઓનલાઈન લોન્ચીંગ કાર્યક્રમ યોજાયો હતો . જે અન્વયે આજે નર્મદા જિલ્લામાં રાજપીપળા અર્બન હેલ્થ સેન્ટર ખાતે પ્રથમ દિવસે ૧૦૦ જેટલા હેલ્થ કેર વર્કર્સને અને તિલકવાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૫૦ સહિત ૧૫૦ જેટલા હેલ્થ કેર વર્કરને કોરોના વિરોધી રસીકરણ કરાયું હતું.રાજપીપળા અર્બન હેલ્થ સેન્ટર ખાતે પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ વસાવા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.કે.પી.પટેલ, તથા રાજપીપળા સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન ડો.જ્યોતિબેન ગુપ્તા તથા પેરામેડિકલ સ્ટાફ, આશાવર્કર બહેનો સહિત, આરોગ્ય કર્મીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને રસીકરણ અને પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ વસાવાએ રાજપીપળા અર્બન હેલ્થ સેન્ટર ખાતે રીબીન કાપીને કોરોના વિરોધી રસી કરણ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.આજે ૧૫૦ કોરોના વોરિયર્સ હેલ્થ કેર રસીકરણના પ્રથમ હકદાર બન્યા હતા અને તેમને આનંદની લાગણી અનુભવી હતી. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.કે. પી.પટેલે જણાવ્યું હતું કે નર્મદા જિલ્લામાં વેક્સીનેશનના કુલ-૫૨૦૦ ડોઝ આપવામાં આવેલ છે, પ્રથમ તબક્કામાં ઓનલાઈન વેક્સીનેશન હેઠળ ૪૨૦૨ જેટલાં હેલ્થ વર્કરોની સાથે સંલગ્ન કર્મચારીઓના નામોની નોંધણી કરાઈ છે, તે તમામને આવરી લઈને ૧૦૦ ટકા કામગીરી થાય તે રીતનું આયોજન કરવામાં આવ્યું છે.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ ડૉ. વિપુલ ગામીતે જણાવ્યું હતું કે, રાજપીપલા અર્બન હેલ્થ સેન્ટર ખાતે પ્રથમ દિવસે ૧૦૦ અને તિલકવાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૫૦ સહિત કુલ ૧૫૦ જેટલાં લોકોને પ્રથમ દિવસે અગ્રતા ક્રમે રસી આપવામાં આવી છે.

આરતી મૂકાવ્યા પછી ૨૮ દિવસ પછી બીજો ડોઝ લેવો ફરજિયાત છે. અઠવાડિયા પછી કોરોના સામે લડવાની રોગપ્રતિકારક શક્તિ વિકસિત થશે નર્મદામાં રસીકરણ કર્યા. પછી નર્મદા જિલ્લો કોરોના મુક્ત બની જશે. એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

તસવીર: જયોતિ જગતાપ,,રાજપીપળા

## ડૉક્ટર, નર્સ, કમ્પાઉન્ડર અને સફાઇકર્મી કોરોના વોરીયર્સે એક શૂરે કહ્યું કે, કોરોના રસી સુરક્ષિત છે, ડરવાની જરૂર નથી. અફવાઓથી દૂર રહીએ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોના રસી અંગે ઘણા લોકો અફવાઓ અને ભ્રમણાઓ ફેલાવી રહ્યા છે ત્યારે આવી અફવાઓ અને ભ્રમણાઓથી દૂર રહેવા કોરોના વેક્શિન મુકાવનાર કોરોના વોરીયર્સ ડૉક્ટર, નર્સ, કમ્પાઉન્ડર અને સફાઇકર્મીઓએ એક શૂર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આપણા દેશમાં જ બનેલી સ્વદેશી કોવિડ-૧૯ની વેક્શિન સંપૂર્ણ સુરક્ષિત છે, ડરવાની બિલકુલ જરૂર નથી. આ પ્રસંગે કોવિડ વેક્શિન લેનાર ડેન્ટલ સર્જનશ્રી ડૉ. પ્રિયાંક પટેલ જણાવ્યું કે, કોવિશિલ્ડ વેક્શિન લીધાને મને ૧૫ મિનિટ જેટલો સમય થયો છે છતાં કોઈપણ પ્રકારની આડઅસર થઈ નથી. તેમણે લોકોને અપીલ કરતાં કહ્યું કે, આ વેક્શિન સંપૂર્ણ સુરક્ષિત છે આ બાબતે ફેલાતી અફવાઓથી દૂર રહેવા તેમણે જણાવ્યું હતું. ભીલડી સામૂહિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરશ્રી ડૉ. ઉમંગ યાજ્ઞિકે જણાવ્યું કે, મેં પણ આજે કોરોનાની રસી લીધી છે, મને કોઇ જ તકલીફ થઇ નથી. આ રસી બિલકુલ સુરક્ષિત છે. આપણા આરોગ્યને સાચવવા રસી મુકાવવી જરૂરી છે. ખોટી વાતોમાં ન આવવા તેમણે લોકોને અપીલ કરી છે. ભીલડી આરોગ્ય કેન્દ્રના સ્ટાફ નર્સ શ્રીમતી ફાલ્ગુની પટેલ અને કોકીલા સોલંકી, કંપાઉન્ડરશ્રી ધનાભાઇ કરશનભાઇ પરમાર અને સફાઇકર્મી શ્રીમતી શારદાબેન મકવાણાએ પણ રસી લીધા બાદ પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, અમે બધાએ આજે કોરોનાની કોવિશિલ્ડ રસી લીધી છે, અમને કોઇ જ તકલીફ થતી નથી. તેમણે આ રસી મુકાવવા લોકોને અપીલ કરી અફવાઓથી દૂર રહેવા જણાવ્યું હતું.



કૃષિપ્રધાન દેશમાં કૃષિ વિરોધી કાળા કાયદા પસાર કરનારી ભાજપ સરકાર સામે દેશભરના ખેડૂતો આંદોલન કરી રહ્યા છે, સંઘર્ષ કરી રહ્યા છે તેમના સમર્થનમાં કૉંગ્રેસ પક્ષ કિસાન અધિકાર દિવસ પર સત્યાગ્રહ છાવણી, ગાંધીનગર ખાતે ગુજરાત કૉંગ્રેસના પ્રભારી શ્રી રાજીવ સાતવજીની ઉપસ્થિતિમાં ધરણા પ્રદર્શન..

ખેડૂતો પર ભાજપ સરકારના અન્યાય, અત્યાચારને કૉંગ્રેસ પક્ષ સાંખી નહીં લે, અન્નદાતાઓનો અવાજ હમેશા ઉઠાવતા રહીશું..

## અરવલ્લીમાં ૧૧ ભૂમાફિયાઓ વિરૂદ્ધ મળી અરજી, મેઘરજ તાલુકામાં સૌથી વધારે ૭ અરજી



અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિમય ૨૦૨૦ કાયદાને એક મહિનો આજે પૂરો થયો છે, ત્યારે અરવલ્લી જિલ્લામાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ૧૧ અરજીઓ કલેક્ટર કચેરી ખાતે મળી છે, જેમાં સૌથી વધારે મેઘરજ તાલુકામાં ૭, જ્યારે મોડાસા, ભિલોડા, બાયડ, માલપુર અને મોડાસા તાલુકાની ૧-૧ અરજી મળી છે. જમીન પચાવી પાડવાના કિસ્સાઓમાં વધારે થતાં રાજ્ય સરકાર દ્વારા ૧૬ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ લેન્ડ ગ્રેબિંગ એક્ટ ૨૦૨૦ કાયદો અમલી કર્યો હતો, આ કાયદા અન્વયે ગેરકાયદે જમની પચાવી પાડવાના કિસ્સાઓમાં જિલ્લાની કમિટી દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લા ઘણાં વર્ષોમાં અરવલ્લી જિલ્લામાં જમીન પચાવી પાડવાના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થયો છે, જોકે રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલા લેન્ડ ગ્રેબિંગ એક્ટ ૨૦૨૦ અંતર્ગત હવે ભૂમાફિયાઓમાં ફફળાટ વ્યાપી ગયો છે. કેટલાક ભૂમાફિયાઓએ ચાલાકીથી ખાતેદારોની જમીન પોતાને નામે કરી લેતા હોય છે, અને ખાતેદારને ખ્યાલ પણ આવતો નથી, આવા કિસ્સાઓમાં પણ મૂળ માલિકને ન્યાય મળવાની આશા છે.

શું છે ગુજરાત જમીન ચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિમય, ૨૦૨૦ કાયદો

ખોટી રીતે ખેડૂતની જમીન પચાવી પાડવાના કિસ્સાઓને લઈને રાજ્ય સરકાર દ્વારા ગુજરાત વિધાનસભામાં ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ વિદેયક ૨૦૨૦ અંગે વિધેયક રજૂ કરવામાં આવ્યું હતું, જે કાયદા અંતર્ગત કોઈપણ વ્યક્તિ મૂળ માલિકની જમીન ગેરકાયદે જમીન પચાવી પાડે છે, જેની સામે મૂળ માલિક જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અરજી કરી પોતાની સાથે થયેલા અન્યાયને લઈને ભૂમાફિયા સામે કાર્યવાહી કરી શકે છે, શક્ય હોય તો અરજીનો નિકાલ ૬ મહિનાની અંદર કરવાની પણ જોગવાઈ છે. આ માટે નક્કી કરવામાં આવેલ કમિટી દ્વારા નિર્ણય લેવામાં આવે છે.

કોઇ હોય છે કમિટીના હોદ્દેદારો

જમીન પચાવી પાડવાના કિસ્સાઓમાં રાજ્ય સરકાર દ્વારા જમીન ધારકોને ન્યાય અપાવવા જમીન પચાવી પાડવા પ્ર પ્રતિબંધ અધિનિય, ૨૦૨૦ કાયદો બનાવ્યો છે, જેમાં પાંચ અધિકારીઓની એક કમિટી હોય છે, જેમાં અધ્યક્ષ તરીકે કલેક્ટર, સભ્ય સચિવ તરીકે નિવાસી અધિક કલેક્ટર તેમજ સભ્ય તરીકે જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલિસ વડા અને પ્રાંત અધિકારીનો સમાવેશ થયા છે.

કેવી રીતે થાય છે કાર્યવાહી

જમીન પચાવી પાડવાના કિસ્સાઓમાં અરજદારે કરેલી અરજી જે-તે દિવસે પ્રાંત કચેરી ખાતે મોકલી દેવામાં આવે છે, અને પ્રાંત કચેરી દ્વારા ૨૧ દિવસમાં અરજી અંગે રીપોર્ટ કલેક્ટર કચેરીને સોંપવાનો હોય છે, પ્રાંત કચેરી દ્વારા સોંપવામાં આવેલા રીપોર્ટ અનુસંધાને કમિટી બોલાવવામાં આવે છે, અને તપાસ અંગે ચર્ચા કરાય છે, પ્રાંત કચેરીના રીપોર્ટ અનુસંધાને કમિટી દ્વારા સાત દિવસમાં ક્ષૈંઇ કરવા માટેના આદેશ કરે છે.

અરજી કેવી રીતે કરવી

મામતદાર કેચેરી ખાતે નિયમ અરજી ફોર્મ ઉપલબ્ધ હોય છે, જે ભરી ત્રણ નકલ સાથે રૂપિયા ૨૦૦૦ નું ચલણ બેંકમાં ભરી બિડાણ કરવાનું હોય છે. આ ફોર્મ કલેક્ટર કચેરીના જમીન દફ્તર વિભાગમાં આપવાનું હોય છે.

## સાતમા પગારપંચનું એરિયર્સ ન ચૂકવાતા માણાવદર પીજીવીસીએલ અને જેટકોના કર્મચારીઓ દ્વારા સૂત્રોચ્ચાર : છ દિવસ સુધી વિરોધ કાર્યક્રમો



માણાવદર પીજીવીસીએલ અને જેટકોના કર્મચારીઓ દ્વારા આજે પોતાના અધિકારોથી વંચિત રખાતા જાહેરમાં સૂત્રોચ્ચાર કરાયા હતા ને પોતાની માંગણીઓને ન્યાય અપાવવા રસ્તા પર ઊતરી આવ્યા હતા. ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ દ્વારા આપવામાં આવેલ વીજ કર્મચારીઓ - અધિકારીઓને સાતમાં વેતન પંચ મુજબ નવા બેઝિક ઉપર મળવાપાત્ર આનુસંગિક એલાઉન્સ અને તેનું એરિયર્સ તા. ૧/૧/૧૬ થી ચૂકવી આપવાની રજૂઆત એક વર્ષથી અનિર્ણિત પડી છે.

ગુજરાતની તમામ વીજ કંપનીઓમાં ફરજ બજાવતા વીજ કર્મીઓ ને સાતમા વેતનપંચની અમલવારી વર્ષ ૨૦૧૭ માં કરવામાં આવેલ છે. અને બે (પી) કરાર મુજબ આગામી પગાર ધોરણ કરાર મુજબ કરવાનું જીયુવીએનએલ મેનેજમેન્ટ સાથે નક્કી થયેલ છે.પરંતુ નવા બેઝિક ઉપર આ કર્મચારીઓને તા. ૧/૧/૨૦૧૬ થી મળવાપાત્ર એલાઉન્સ અંગે અવારનવાર રજૂઆતો કરવા છતા આજ દિવસ સુધી હક્કના લાભો મંજૂર કરવામાં આવેલા નથી

છ ઠી જૂન ૨૦૧૯ ના રોજ આ અંગેની નોટિસ સરકાર ને પાઠવી હતી. અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ અને જીઈબી એન્જિનિયર્સ એસોસિએશન દ્વારા હડતાળની નોટિસ આપેલી છતા કોઈ જાતના રચનાત્મક પગલા ન લેવાતા વીજ કર્મચારીઓએ આજથી છ દિવસ સુધીના વિરોધ કાર્યક્રમો ધડી કાઢયા છે.જેમાં ૧૬ તારીખે જાહેર સૂત્રોચ્ચાર તા.૧૭ થી ૨૦ દરમિયાન કાળી પટ્ટી બાંધી કરાશે તથા ૨૧ તારીખે માસ સી.એલ એમ છ દિવસ આ કર્મચારીઓ વિરોધ કરશે. છ ઠી જૂન ૨૦૧૯ ની નોટિસ નો કોઈ જવાબ ન મળતા તા.૧૫/૧૨/૨૦૨૦ ના રોજ ફરી આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી કાર્યક્રમો ધડાયા છે.

૪૫ હજારથી વધું વીજ કર્મચારીઓ અને અધિકારીઓ ૨૧/૧/૨૦૨૧ ના રોજ માસ સી.એલ. પર ઉતરશે તેમા અન્ય ૫૦૦૦ કર્મચારીઓ પણ જોડાશે . આ હડતાળથી ગ્રાહકોને વીજ પુરવઠો બાબતની ગંભીર સમસ્યા ઊભી થાય અને ગુજરાતની પ્રજાને જે કાંઈ અગવડ પડે તે માટેની સંપૂર્ણ જવાબદારી સરકારની તથા જીયુવીએન એલ મેનેજમેન્ટની રહેશે

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

## કચ્છનાં વિકાસની વાત એક બાજુ રહી. કચ્છમાં વસતા લોકોના જીવન ખતમ કરવાના કારસા ઘડાય રહ્યા છે

ભૂકંપ બાદ કચ્છમાં ઉદ્યોગોની વણજાર થતાં એવું લાગતું હતું. કે, ખરેખર કચ્છ જિલ્લાની જનતાનું ભાગ્ય બદલાશે.પરંતુ, ક્યાં ખબર હતી ધીમે ધીમે કચ્છ વિકાસયાત્રા ન કરી વિનાશ તરફ આગળ વધી જતાં પહેલા તબક્કે કચ્છનાં ગ્રામ્ય વિસ્તારોમાં વસતા ખેડૂતો જ આર્થિક, આરોગ્યની દ્રષ્ટિએ મરણ પથારી બનાવી રહેલા આ ઉદ્યોગો જ લોકો માટે, ખેતરોમાં થતાં આર્થિક નુકશાન અને પશુધન ઓછાં કરનાર આવા કચ્છનાં ઓદ્યોગિક એકમો પ્રદૂષણ ઓકતા ક્ષય, ટીબી, ફેફસાં, અસ્થમાનાં રોગોને સીધા શ્વાસ વાટે ઉતારવા ઉતારું કે જવાબદાર બનશે.

હા, કચ્છ જિલ્લાનાં ગાંધીધામ, ભચાઉ, અંજાર, મુન્દ્રા સ્થિત ઝેરી કેમિકલ ઓકતા કેમિકલ જેવાં કે, ચીમની દ્વારા કાર્બન ડાયોક્સાઈડ,સલ્ફ્યુરિક એસિડ, જમીનમાં,નદીઓમાં ફેટી એસિડ જેવાં જ્વલંત ઝેરી તત્વો બહાર બહાર કાઢી જે તે વિસ્તારમાં રહેતાં બાળકો, વયોવૃદ્ધ,મહિલાઓને શ્વાસનાં દર્દી બનાવી મરણ પથારીએ પહોંચાડી સાથે ખેત ઉત્પાદન અને પશુધનને પણ ભારી નુકશાન વેઠતા આર્થિક શારીરિક નબળા બનાવી ગામડાઓને પાયમાલ બનાવતાં ગ્રામ્યજનો ત્રાહીમામ પોકારી રહ્યા છે. કચ્છની ગૌચર રાજકીય આખલા ચરી ગયા બાદ પશુધનની સંખ્યામાં ઘટાડા પાછળ આવા પ્રદૂષણ ઓકતા એકમો જવાબદાર છે. પહેલા ઘર દીઠ ૧૫૦-૨૦૦ પશુધન હતાં. જે આજે ઘર દીઠ ૫૦નાં ગુણાંકમાં જ રહી ગયાં છે. જેનું કારણ પ્રદૂષણથી નીકળતાં કેમિકલ્સ ઘાસ ચારા વાટે,પાણી પીતા કે નીણ ખાતા ઝેરી કેમિકલ પેટમાં જતાં પ્રસૃતીનો સમય ૯ મહિનાને બદલે ૭-૮ મહિનાનાં અર્ધ, ટૂંકા સમયમાં પ્રસૃતી થઈ જતાં જન્મ લેનાર વાછરડાં મૃત જન્મે છે. ઉપરોક્ત,બાબતે કચ્છ જિલ્લાનાં કલેકટર, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, આરોગ્ય અધિકાર તથા ખેતીવાડી અધિકારીઓને ઘણાં વર્ષોથી જે તે તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારના સામાજિક સંગઠનો, અગ્રણીઓ અને લોકોએ ફરિયાદ કરવા છતાં કોઈ પગલાં ન ભરતાં આખરે થકી ગુજરાત માનવ અધિકાર આયોગને શરણે જવું પડ્યું. તે સ્થાનિક પ્રશાસન માટે શરમજનક બાબત કહેવાય.

આ સિવાય અન્ય મુદ્દા લઈ રજૂઆતો કરવામાં આવી છે.

પરંતુ, અહીંના સ્થાનિક પ્રશાસનને કચ્છનો વિકાસ નહી વિનાશ તરફ દોરી રહ્યા છે. તે સાબિત થાય છે.

પ્રશાંત ભટ્ટ.

ખેડૂત એકતા મંચ. કચ્છ.

## વીજ કર્મચારીઓએ સરકાર સામે બાયો ચઢાવી અરવલ્લીમાં ૩ હજાર કર્મચારીઓ પડતર માંગો મુદ્દે સૂત્રોચ્ચાર,જાણો કઈ માંગણીઓ કરી



અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાત ના વીજ કર્મચારીઓ ફરી એકવાર રાજ્ય સરકાર સામે આંદોલન કરવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. ગુજરાતના ૫૫ હજારથી વધુ વીજ કર્મચારીઓ પોતાની પડતર માંગને લઈ આંદોલનના માર્ગે છે જેમાં ગુજરાતના વીજ કર્મચારીઓ સાતમા પગારપંચનો લાભ, એલાઉન્સની માંગને લઈને લડી લેવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. એટલું જ નહીં તબક્કાવાર રાજ્યના વીજકર્મીઓ વિરોધ પ્રદર્શન કરી હક્ક મેળવશે ૭માં પગાર પંચ મુજબ નવા બેઝિક પગાર ઉપર મળવા પાત્ર એલાઉન્સ અને એરયન્સને લઈ રાજ્ય સરકાર સામે અરવલ્લી જીલ્લાના ૩ હજાર કર્મચારીઓએ સરકાર સામે બાયો ચઢાવી સૂત્રોચ્ચાર કરી કર્યા હ અરવલ્લી જીલ્લામાં યુજીવીસીએલ અને ગેટકોમાં ફરજ બજાવતા કર્મચારીઓએ તેમની કચેરી આગળ તેમની પડતર માંગણીઓને લઈને સૂત્રોચ્ચાર કર્યા હતા કર્મચારીઓના જણાવ્યા અનુસાર તેમની વિવિધ પડતર માંગો લઇ અગાઉ અનેક રજૂઆત છતાં કોઈ નિર્ણય ન લેવાતા આખરે ઉત્તરાયણ બાદ ૧૬ જાન્યુઆરીથી કાળી પટ્ટી સાથે કામકાજ કરવામાં આવશે તેમ છતાં નિરાકરણ નહી આવે તો તમામ કર્મચારીઓ માસ સીએલ સહિતના કાર્યક્રમો યોજવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે

## હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠા દ્વારા જન્મદિનની અનોખી ઉજવણી



હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠા ના અધ્યક્ષ સર્વિન ભાઈ પટેલ ના પિતાશ્રી પ્રવીણભાઈ પટેલ ના જન્મદિન નિમિતે ઝુંપડપટ્ટી માં આવેલ ગરીબ પરિવારો ને પગરખાં અને ફૂડ - પેકેટ નું વિતરણ કરવામાં આવ્યું... આ સેવાયજ્ઞ માં ઉ,ગુજરાત ના અધ્યક્ષ ભૃગુવેન્દ્ર સિંહ કુંપાવત, તાલુકા પ્રમુખ પ્રફુલભાઈ સોની, ધર્મરક્ષક હિ,પ્રમુખ પ્રમિત બાવજી, હિંમતનગર મહામંત્રી મયુરભાઈ પ્રજાપતિ , ઉપપ્રમુખ મનીષ ભાઈ કીમતાની, મંત્રી કેતનભાઈ શ્રીમાળી, ગ્રામ્ય સહ મંત્રી ઝાલા મહેન્દ્રસિંહ, સહ મંત્રી હિતેષ ભાઈ તેજવાની, સહમંત્રી દિપરાજ સિંહ રાજપૂત, જીવદયા મંત્રી ભગવતી ભાઈ ચાવલા, તથા રાજપૂત સમાજ અગ્રણી ઉપેન્દ્રસિંહ સોલંકી હાજર રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.